રેફરન્સ ટી.નં.૭૩૬/૨૦૦૯

રજુ તારીખ :—૨૬-૦૮-૨૦૦૯
દાખલ તારીખ :— ૨૬-૦૮-૨૦૦૯
ફૈસલા તારીખ :— ૨૩-૧૨-૨૦૨૧
અવધિ :— વ. મા. દિવસ.
૧૨-૦૩-૨૭

મહે.સુરતની મજુર અદાલતનાં ન્યાયાધીશ શ્રી એ.વી.પટેલ, મજુર અદાલત નં.૪, સમક્ષ, મું.સુરત

રેફરન્સ ટી.નં.૭૩૬/૨૦૦૯

આંક -૨૭

બીજા પક્ષકાર :- મોતીલાલ ખાનાભાઇ મકવાણા

રહેવાસી : મુ.પો.કીમ, ૧૦/૧૨૬ રંગકૃપા સોસાયટી-૨,

તા.ઓલપાડ, જી. સુરત.

વિ રૂ ધ્ધ

પ્રથમ પક્ષકાર :- નં.૧, બોરસરા મશીન્સ્
(ડીવીઝન ઓફ હીમસન ટેક્ષટાઇલ્સ્ એન્જી ઇન્ડ.લી.)
સરનામું : મુ.પો.મોટા બોરસરા, કીમ રેલ્વેસ્ટેશન, તા.માંગરોળ, જી.સુરત.

નં.૨, શિવ ઇલેકટ્રીકલ્સ્
સરનામું : મુ.પો.મોટા બોરસરા, કીમ રેલ્વેસ્ટેશન, તા.માંગરોળ, જી.સુરત.

વિષય : ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭, ની કલમ-૧૦(૧)સી અન્વયે ન્યાયિક નિર્ણય બાબત

બીજા પક્ષકાર તરફે વિ.વ.શ્રી આસિફભાઇ આઇ.શેખ તથા યુ.પ્ર.શ્રી આર.સી.પટેલ
પ્રથમ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી જયેશભાઇ બરવાળીયા

-:: <u>ચુકાદો</u> ::-

૦૧.. હાલનો રેફરન્સ ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ-૧૦(૧) હેઠળ સુરતનાં મદદનીશ મજુર કમિશ્નરશ્રી નાં હૂકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬૫૫/૨૦૦૯, તા.૧૬-૦૭-૨૦૦૯, થી ઉપસ્થિત થયેલ છે અને તેમાં બીજા પક્ષકારે પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવાની દાદ માંગેલ છે.હાલનાં કેસની અનુસુચિ જોતાં નીચે મુજબ છે.

‘‘ શ્રી મોતીલાલ ખાનાભાઇ મકવાણા, મું.પો.કીમ, ૧૦/૧૨૬ રંગકૃપા સોસાયટી-૨, તા.ઓલપાડ, જી. સુરત.ને તેમનાં પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ?’’

૦૨.. બીજા પક્ષકારે હાલનાં સદર રેફરન્સ કેસમાં આંક-૪, થી માંગણાનું નિવેદન(સ્ટેટમેન્ટ ઓફ કલેઇમ) રજૂ કરેલ છે. બીજા પક્ષકારનાં માંગણાનાં નિવેદનની ટુંકમાં હકીકત એવી છે કે બીજા પક્ષકાર સામાવાળી સંસ્થામાં આશરે ૧૧ વર્ષથી કલાર્કનાં હોદ્દા ઉપર કાયમી કામદાર તરીકે માસિક રૂ.૩,૦૦૦/- નાં પગારથી નોકરીની ફરજો બજાવતાં હતાં અને નોકરીમાં દાખલ થયાં ત્યારથી જ નોકરીની ફરજો સંપુર્ણપણે ખંત, વફાદારી અને કાર્યક્ષમતાથી ફરજ બજાવતાં આવેલા અને કોઇ બેદરકારી યા અનિયમિતતા દાખવેલ નથી. બીજા પક્ષકારનો સર્વિસ રેકોર્ડ નિષ્કલંક અને ચોખ્ખો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થા એન્જીનીયરીંગ ઉદ્યોગમાં આવેલ છે અને જુદી જુદી ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝને લગતા મીનો બનાવવાની અને મશીનરી સપ્લાય કરવાની કામગીરીમાં રોકાયેલી સંસ્થા છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, નું ડીવીઝન છે અને સીસ્ટર કન્સર્ન છે અને તેની આશરે ૮ થી ૧૦ જેટલી કંપનીઓ તે જ સરનામે આવેલ છે અને તે તમામ સંસ્થાઓમાં ટેક્ષટાઇલ મશીનોનાં જુદાંજુદાં પાર્ટઝ

બનાવવામાં આવે છે અને તેને બોરસરા મશીન્સ(ડીવીઝન ઓફ હીમસન એન્જીનીયરીંગ ઇન્ડસ્ટ્રીઝ લી.) નાં નામે વેચવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ અને ૨, સંસ્થાઓનાં માલિકો યા ભાગીદારો કોમન યા એક જ કુટુંબનાં સભ્યો છે અને બંને સંસ્થાઓનો વહીવટ, દેખરેખ, અંકુશ અને સંચાલન એક જ જગ્યાએથી એક જ સરનામેથી એક જ કુટુંબનાં સભ્યો દ્વારા થાય છે. કામ કરતાં કામદારોને સંસ્થાઓની સગવડ અને જરૂરીયાત મુજબ એકમાંથી બીજી સંસ્થામાં કામ માટે હેરફેર કરવામાં આવતાં હતાં. બીજા પક્ષકાર નોકરીમાં દાખલ થયાં ત્યારથી પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્વારા હાજરી કાર્ડ, પગાર સ્લીપ, રજાનાં કાર્ડ, કે ઓળખ પત્રો જેવાં કોઇ પુરાવા આપવામાં આવતાં ન હતાં અને કામગીરી પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, દ્વારા જ લેવામાં આવતી હતી. કામ કરતાં કામદારોને કામની સગવડ અને જરૂરીયાત મુજબ એકમાંથી બીજી સંસ્થામાં કામ માટે મોકલવામાં આવતાં હતાં અને તે અંગેનાં કોઇ દસ્તાવેજી પુરાવા સંસ્થા તરફથી કામદારોને આપવામાં આવતાં ન હતાં. મજુર કાયદાઓ અન્વયે કામદારોને મળવાપાત્ર હકકો, અધિકારો, લાભો, કે સવલતો સંસ્થા દ્વારા કામદારોને આપવામાં આવતાં ન હતાં. જેથી નાછુટકે સંસ્થામાં કામ કરતાં કામદારોએ એકજૂથ અને એકસંપ થઇ યુનિયન ગુજરાત રાજય કામદાર સેના દ્વારા કામદારોનાં પગાર વધારા અને નોકરીની સારી શરતો માટે રેફરન્સ(આઇ.ટી.)નં.૧૦/૨૦૦૫, નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ, સુરત સમક્ષ ઉપસ્થિત કરેલ, જે હાલ પેન્ડીંગ છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૪૦૦ જેટલા કામદારો નોકરીની ફરજો બજાવે છે અને વિવિધ મજુર કાયદાની જોગવાઇઓ લાગુ પ્રથમ પક્ષકાર સંસ્થાઓને લાગુ પડે છે અને તેનું પાલન કરવાની પ્રથમ પક્ષકાર સંસ્થાની ફરજ અને જવાબદારી હોવાં છતાં સંસ્થાઓનાં સંચાલકો ખુલ્લેઆમ અને છડેચોક મજુર કાયદાની જોગવાઇઓનો ભંગ કરે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં કામ કરતાં મોટા

ભાગનાં કામદારો યુનિયન ગુજરાત રાજય કામદાર સેનામાં દાખલ થયેલા અને સદર કામદારો વતી કામદારોનાં પગાર વધારા અને નોકરીની શરતો માટે આઇ.ડી.એકટની જોગવાઇઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતાં સદર યુનિયન એકટીવીટીઝ છીન્નભીન્ન કરવાનાં બદઆશયથી અને બદઇરાદાથી તેમજ રેફરન્સ (આઇટી) નં૧૦/૦૫ ઇનફકચ્યુઅસ બનાવવાનાં ઇરાદાથી ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે તમામ કામદારોને છટણીનાં નામે નોકરીમાંથી છુટા કરી દીધેલા છે, જે સંસ્થાનું કૃત્ય આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ) અને (એચ) નાં સીધેસીધા ભંગ સ્વરૂપનું છે. પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કામદારોને તેમને મળવાપાત્ર હકકો અને અધિકારો આપવામાં ન આવતાં કામદારોએ તેમનાં યુનિયન મારફતે સબંધીત ઓથોરીટીઓ અને જવાબદાર અધિકારીઓને ફરીયાદો પણ કરેલ, પણ તેમના દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં ન આવતાં નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૨૩૦૮૯/૨૦૦૭ થી જવાબદાર અધિકારીઓ સામે દાખલ કરેલ. જેમાં તા.૦૭-૦૯-૨૦૦૭, નાં હૂકમથી સરકારી શ્રમ અધિકારી, નાનપુરા, સુરતનું કાયદાની જોગવાઇઓનું ભંગ બદલ કામદારોનાં યુનિયન તરફથી દાખલ કરવામાં આવેલ અરજી અંગે જરૂરી તે કાર્યવાહીની અરજી મળ્યેથી બે મહિનામાં ડીસાઇડ કરવાનું ડાયરેકશન આપવામાં આવેલ, તેમ છતાં કોઇપણ જાતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ નહીં. જેથી ફરીથી સ્પે.સી.એ.નં.૬૬૪૫/૨૦૦૮, અને ત્યારબાદ એલ.પી.એ.નં.૯૪૩/૨૦૦૮, ફાઇલ કરવામાં આવેલ, જે નામદાર હાઇકોર્ટ દ્વારા જરૂરી ડાયરેકશન આપી ડીસ્પોઝ ઓફ કરવામાં આવેલ. જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનાં સંચાલકો તરફથી મજુર કાયદાઓનો ભંગ કરવામાં આવે છે, તે હકીકત સ્પષ્ટ થાય છે. સરકારી અધિકારીઓને કામદારો અને યુનિયન દ્વારા આપવામાં આવેલ કાયદાનાં જોગવાઇઓનાં ભંગ માટેની અરજીઓનો આજદિન સુધી યોગ્ય અને વ્યાજબી તપાસ કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફથી આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ), (જી),

(એચ) નો ખુલ્લેઆમ અને છડેચોક ભંગ કરીને ગેરવ્યાજબી અને ગેરકાયદેઅર રીતે નોકરીમાંથી છટણીનાં નામે તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજથી નોકરીમાંથી છુટા કરેલ છે. જે પ્રથમ પક્ષકાર સંસ્થાઓનું કૃત્ય અયોગ્ય, અન્યાયી, અને ગેરકાયદેસરનું, મનસ્વી, જુલ્મી, અનફેર લેબર પ્રેકટીસવાળું અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો વિરૂધ્ધનું છે. તમામ કર્મચારીઓ બોરસરા મશીન્સની અન્ડરમાં અને તે સંસ્થાનાં સંચાલકોની સુચના મુજબ અને દેખરેખ હેઠળ કામ કરતાં હોવાં છતાં માત્ર કાયદાની જોગવાઇઓનો દુરઉપયોગ કરવાનાં બદ આશયથી છટણી સંસ્થાનાં સંચાલકો દ્વારા ઉભી કરવામાં આવેલ છે. તમામ સંસ્થાઓ એક જ માલિકીની અને એકજ કુટુંબનાં સભ્યોની છે, તે અંગેની માહિતી બીજા પક્ષકારોને રાઇટુ ઇન્ફોમેશન એકટ હેઠળ તા.૩૦-૧૧-૨૦૦૬, નાં પત્રથી નાયબ નિયામક ઔદ્યોગિક સલામતિ અને સ્વાસ્થય સુરત દ્વારા આપવામાં આવેલ છે તેમજ જે સરનામું આપેલ છે, તે હીમસન હાઉસ, પાર્લે પોઇન્ટ, સુરત દર્શાવવામાં આવેલ છે, જેનાથી તમામ સંસ્થાઓ એક જ કુટુંબનાં સભ્યોની છે, તે જણાય આવે છે તથા પ્રથમ પક્ષકાર સંસ્થામાં ટેક્ષટાઇલ મશીનરીને લગતી કામગીરી થાય છે અને આઇ.ડી.એકટનાં ચેપ્ટર-૫(બી) ની એપ્લીકેબીલીટી અને સાથે કોઇપણ કામદારને નોકરીમાંથી છુટા કરવા હોય અને જયારે સંસ્થામાં ૧૦૦ થી વધારે કામદારો ફરજ બજાવતાં હોઇ, ત્યારે આઇ.ડી.એકટની કલમ-૨૫(એન) ની જોગવાઇઓનો ફરજીયાત અમલ માટેની જોગવાઇ કરવામાં આવેલ છે અને તેનો પણ સદંતર ભંગ કરી તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ બીજા પક્ષકાર કામદારને નોકરીમાંથી છુટા કરેલ છે, જે પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ), (જી), (એચ), (એન) અને ચેપ્ટર-૫(બી)ની જોગવાઇઓનો ભંગ સ્વરૂપનું છે. જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સહિત મૂળ જગ્યાએ આનુષંગીક લાભો સહિત પુનઃસ્થાપિત થવા હકકદાર છે. પ્રથમ પક્ષકાર તરફથી

બીજા પક્ષકારને તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ છુટા કરતાં અગાઉ આઇ.ડી.એકટની કલમ-૨૫(એન) ની જોગવાઇ મુજબ ગુજરાત સરકારની કે સક્ષમ ઓથોરીટીની પરવાનગી લેવામાં આવેલ નથી. કામદારોને છુટા કરતા અગાઉ સંસ્થામાં કામ કરતાં કામદારોનું સીનીયોરીટી લીસ્ટ સંસ્થાનાં નોટીસ બોર્ડ ઉપર લગાવવામાં આવેલ નથી અને બીજા પક્ષકારને છુટા કર્યા બાદ બીજા પક્ષકારની જગ્યાએ તે જ કામગીરી કરતાં નવા અને જુનિયર કામદારોની સંસ્થામાં ભરતી કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્વારા જયારે નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા ત્યારે નામદાર ઔદ્યોગિક ન્યાય પંચ, સુરત સમક્ષ દાખલ કરેલ રેફરન્સ(આઇ.ટી.) નં.૧૦/૦૫, ન્યાયિક નિર્ણય અર્થે પેન્ડીગ હતો, તેમ છતાં બીજા પક્ષકારને નોકરીમાંથી છુતા કરતાં અગાઉસંસ્થાઓ દ્વારાનામદાર ઔદ્યોગિક ન્યાયપંચ સમક્ષ એપ્રુવલ અરજી ફઇલ કરી પરવાનગી મેળવવામાં આવેલ નથી. જેથી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય આઇ.ડી.એકટની કલમ-૩૩ અને ૯(એ) ની જોગવાઇઓ વિરૂધ્ધનું છે. જેથી આ મુદ્દા ઉપર પણ બીજા પક્ષકાર પડેલા દિવસોનાં પુરા પગાર સાથે મુળ જગ્યા ઉપર આનુષંગીક લાભો સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ જે કામગીરી સંસ્થામાં કરતાં હતાં, તે કામગીરી હાલમાં સંસ્થામાં ચાલુ છે અને બીજા નવાં અને બીજા પક્ષકાર કરતાં જુનિયર અને નવા કામદારો પાસેથી કરાવવામાં આવે છે. બીજા પક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા બાદ નોકરી મેળવવા બીજી ઘણી જગ્યાએ પ્રયત્ન કરવાં છતાં, નોકરી મળેલ નથી અને બેકાર રહેલ છે. જો પ્રથમ પક્ષકાર સંસ્થાઓ બીજા પક્ષકારને કામે રાખે તો, બીજા પક્ષકાર તકરારો ઉભી રાખી કામ ઉપર હાજર થવાં તૈયાર છે. બીજા પક્ષકાર નોકરીમાં દાખલ થયાં ત્યારથી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે અને છુટા કર્યા અગાઉનાં બાર માસમાં ૨૪૦ દિવસો ઉપરાંતની નોકરી કરેલ છે. પરંતુ સંસ્થાઓ દ્વારા બીજા પક્ષકાર

કામદારનું નામ સંસ્થાની મરજી મુજબ કઇ સંસ્થાનાં રેકર્ડ ઉપર રાખવામાં આવતું હતું, તેની માહિતી નોકરીની ફરજો દરમિયાન બીજા પક્ષકારને સંસ્થા દ્વારા કયારેય આપવામાં આવેલ નથી. સંસ્થા દ્વારા બીજા પક્ષકારની નોકરીને લગતાં કોઇ પુરાવા હાજરી કાર્ડ, પગાર સ્લીપ, રજાનાં કાર્ડ કે ઓળખ પત્ર આપવામાં આવતાં ન હતાં. પરંતુ સંસ્થાઓ દ્વારા બીજા પક્ષકારને છટણીની નોટીસ મોકલવામાં આવી ત્યારે જાણ થયેલ કે બીજા પક્ષકારનું નામ પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, નાં ચોપડા ઉપર લખવામાં આવતું હતું. જેથી બીજા પક્ષકારની નોકરીને લગતાં તમામ દસ્તાવેજો પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, નાં કબજા અને નિયંત્રણમાં છે અને તેથી પ્રથમ પક્ષકાર સંસ્થા નામદાર કોર્ટમાં રજૂ કરે તે ન્યાયનાં હિતમાં જરૂરી હોવાની હકીકત જણાવી બીજા પક્ષકારને કહેવાતી છટણીનાં નામે નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું કૃત્ય તદ્દન ગેરવ્યાજબી અને ગેરકાયદેસર તથા ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ-૨૫(એફ), (જી), (એચ) અને ચેપ્ટર-૫(બી), કલમ-૨૫(એન) ની જોગવાઇઓનાં ભંગ સ્વરૂપનું હોવાનું જાહેર કરવા તથા બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાઓનું કૃત્ય ગેરવ્યાજબી અને ગેરકાયદેસરનું હોઇ, બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તા.૨૬-૦૭-૨૦૦૬, થી પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સાથે મુળ જગ્યાએ અન્ય તમામ આનુષંગીક લાભો સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવાં હકકદાર થતાં હોવા અંગે તથા નામદાર કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ મેળવવા તથા હાલનાં રેફરન્સનો ખર્ચ પ્રથમ પક્ષકાર સંસ્થા પાસેથી વસુલ મેળવવા દાદ માંગેલ છે.

૦૩.. આ કામનાં પ્રથમ પક્ષકાર નં.૨, ને સદર રેફરન્સની નોટીસની બજવણી થતાં તેઓ તેમનાં વિ.વ.શ્રી હાજર થઇ આંક-૧૨, થી લેખિત જવાબ રજૂ કરેલ છે અને મોટાભાગની હકીકતોનો પેરાવાઇઝ્ સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર નં.૨ અને પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા

અલગ અલગ અસ્તિત્વ ધરાવતી સંસ્થાઓ છે અને બંને સંસ્થાઓનો વહીવટ અલગ અલગ રીતે થાય છે અને એક સંસ્થાનાં સંચાલન, દેખરેખ, અંકુશ વહીવટમાં બીજી સંસ્થાનાં કોઇપણ વ્યકિતનો હસ્તક્ષેપ કરવામાં આવતો નથી અને અમારી સંસ્થાનાં કામદારોને અન્ય સંસ્થામાં ફેરફાર કરતાં ન હતાં. બીજા પક્ષકારે માંગણાનાં નિવેદનનાં પેરા-૨, માં પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨ એ પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, ની માલિકી ડીવીઝન હોવાનું અને પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, ની સિસ્ટર કન્સર્ન જ હોવાની અને આશરે ૮ થી ૧૦, જેટલી કંપનીઓ તે જ સરનામે આવેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે બીજા પક્ષકાર પોતે પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, માં જ કામગીરી કરતાં હોવાની હકીકત માંગણાનાં નિવેદનમાં જણાવે છે તથા કામદારોને સંસ્થાઓની કામગીરી સગવડ અને જરૂરીયાત મુજબ સંસ્થાનાં સંચાલકો દ્વારા એક યા બીજી સંસ્થામાં કામ માટે મોકલવામાં આવતાં હોવાનું અને તેમનું નામ સંસ્થા દ્વારા કોઇ સંસ્થાનાં ચોપડા ઉપર લખવામાં આવતું હોઇ તે અંગેનાં કોઇ દસ્તાવેજી પુરાવા સંસ્થા દ્વારા તેમને આપવામાં આવતાં ન હોવાની તમામ વાતો ખોટી હોવાની તથા સને.૨૦૦૯ તથા સને.૨૦૦૭ નાં વર્ષમાં કેસ કરનાર કામદારોએ પોતાનાં રેફરન્સમાં બે થી વધારે સંસ્થાનો ઉલ્લેખ તેમનાં કેસમાં કરેલ નથી. તો કયાં આધાર પુરાવાનાં આધારે પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨, સંસ્થાઓનાં નામો લખેલ, જે તમામ કેસોમાં પ્રથમ પક્ષકાર નં.૧, કોમન લખવામાં આવેલ છે. જયારે પ્રથમ પક્ષકાર નં.૨, તરીકે તેમને ખરેખર જે સંસ્થામાં કામ કરેલ તે જ સંસ્થાનું નામ લખેલ છે. બીજા પક્ષકારે રેફરન્સ આઇ.ટી.નં.૧૦/૨૦૦૫, નો ઉલ્લેખ કરેલ છે, તે કેસનો નિકાલ થઇ ગયેલ છે. જે કામદારો જે સંસ્થામાં કામ કરતાં હતાં, તે સંસ્થામાં તેમને કાયદાકીય સાહિત્ય આપવામાં આવતાં હતાં. પ્રથમ પક્ષકાર નં.૨, નાં તરફથી કાયદેસરની કાર્યવાહી કરી નિયમસરની નોટીસો લાગુ પડતા સરકારી તંત્રોને આપી આર્થિક રીતે સંસ્થા ચાલુ

રાખવી પોષાય તેમ ન હોવાનાં કારણે અમોએ સંસ્થા કાયદેસરનાં હકક હિસ્સાનાં નાણાં બીજા પક્ષકારને સ્વીકારવા જણાવતાં, તે ન સ્વીકારતા ચેક/મની ઓર્ડરથી મોકલવામાં આવેલ છે અને નોટીસ આપવામાં આવેલ છે અને સંસ્થા તરફથી બીજા પક્ષકારને જે નાણાંકીય ચુકવણી કરવામાં આવી હતી, તે અંગે વિગતવાર જણાવેલ છે. જેથી પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ),(જી),(એચ)નો કોઇ ભંગ કરેલ નથી અને છુટા કરતી વખતે આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ) અને ૨૫(જી) મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. સંસ્થા પુનઃચાલુ કરવામાં આવેલ ન હોઇ આઇ.ડી.એકટની કલમ-૨૫(એચ)નો કયારેય ભંગ કરેલ ન હતો. બોરસરા મશીન્સમાં જે વ્યકિત કામ કરતી હોય તેને બારસરા મશીન્સ તરફથી કાયદેસરનો નોટીસ વ્યવહાર કરવામાં આવેલ છે અને જે વ્યકિત અન્ય સંસ્થામાં કામ કરતી હોય તેને જે સંસ્થામાં કામ કરેલ હોય તે સંસ્થાએ નોટીસ વ્યવહાર કરેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થામાં ૧૦૦ થી વધુ કામદારોએ કામ કરેલ ન હોય, આઇ.ડી.એકટની કલમ-૨૫(એન) નો કોઇ ભંગ કરેલ નથી. સંસ્થા એક જ કુટુંબની છે, તે બીજા પક્ષકારે પુરવાર કરવાનું છે. સંસ્થા તા.૧૩-૦૩-૨૦૦૯, થી બંધ કરવામાં આવેલ હોય, બીજા પક્ષકાર પડેલા દિવસોનાં પગાર વગર મુળ જગ્યાએ અને આનુષંગીક લાભો સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર થતાં નથી. પ્રથમ પક્ષકાર નં.૨, તરફથી તમામ પ્રકારની કાયદાકીય કાર્યવાહી કરી બીજા પક્ષકારનું સીનીયોરીટી લીસ્ટ બનાવી છુટા કરેલ છે. છુટા કર્યા બાદ અન્ય કોઇને બીજા પક્ષકારની જગ્યાએ કામે રાખેલ નથી. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેઓ જે કામગીરી સંસ્થામાં કરતાં હતાં, તે કામગીરી તમામ સંસ્થાઓમાં ચાલુ છે કે કેમ? તે જણાવી શકે તેમ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, તા.૧૩-૦૩-૨૦૦૯ થી બંધ થઇ ગયેલ છે અને કોઇ કામદાર પાસે કામ કરાવેલ ન હતુ અને નથી તથા બીજા પક્ષકારને કામે રાખી શકે તેમ નથી.

જેથી બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

૦૪.. આ કામનાં પ્રથમ પક્ષકાર નં.૧, ને સદર રેફરન્સની નોટીસની બજવણી થતાં તેઓ તેમનાં વિ.વ.શ્રી હાજર થઇ આંક-૧૩, થી લેખિત જવાબ રજૂ કરેલ છે અને મોટાભાગની હકીકતોનો પેરાવાઇઝ્ સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે બીજા પક્ષકારે જયારે હાલનો કહેવાતો વિવાદ ઉપસ્થિત કર્યો ત્યારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) માં આપેલ કામદારની વ્યાખ્યા પ્રમાણેનાં કામદાર નહતાં અને નથી અને તથા પ્રથમ પક્ષકાર નં.૧, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(જી) માં આપેલ માલિકની વ્યાખ્યા પ્રમાણેનાં માલિક નહતાં અને નથી અને સદર કેસ ચલાવવાની, સાંભળવાની કે તે અંગે નિર્ણય કરવાની નામદાર કોર્ટને સત્તા, હકુમત નથી. પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે આઇ.ડી.એકટમાં જણાવેલ ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટની વ્યાખ્યા મુજબનો ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ અસ્તિત્વમાં નહતો અને નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧, વિરૂધ્ધ રેફરન્સ કરવાનું કોઇ કારણ ઉત્પન્ન થયેલ નથી અને બીજા પક્ષકારનો રેફરન્સ કારણ વિનાનો હોય રદ થવાં પાત્ર છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાનાં કયારેય કામદાર ન હતાં અને નથી. બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧, વચ્ચે માલિક કામદારનો સબંધ કયારેય અસ્તિત્વમાં ન હતાં અને નથી. રેફરન્સ(આઇ.ટી.) કેસ નં.૧૦/૨૦૦૫ નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત સમક્ષ ઉપસ્થિત થયેલ, તે બાબતે તકરાર નથી. જે રેફરન્સ નામદાર ઔદ્યોગિક ન્યાય પંચે રદ કરેલ. સ્પે.સી.એ.નં.૨૩૦૮૯/૨૦૦૭, ૬૬૪૫/૨૦૦૮, એલ.પી.એ.નં.૯૪૩/૨૦૦૮, સર્વજીતસીગ રામબહાદુરસીગે કરેલ હતી. તેનો હુકમ સંસ્થા અલગ લીસ્ટથી રજુ કરશે. વિશેષમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થામાં કયારેય કામદાર તરીકે કામ કરેલ નથી અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થાનાં કયારેય કામદાર નહતાં અને નથી. બીજા પક્ષકાર

અને પ્રયમ પક્ષકાર નં.૧, વચ્ચે માલિક અને કામદાર તરીકેનો સબંધ અસ્તિત્વમાં ન હતો. તેમજ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા વચ્ચે કોઇ ઔદ્યોગિક તકરાર નહતી અને નથી. જેથી બીજા પક્ષકાર દ્રારા ઉપસ્થિત કરવામાં આવેલવિવાદોને ઇનફકચ્યુઅસ બનાવવાનાં બદઆશય અને બદઇરાદાથી આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ)(જી)(એન)(એચ) નો ખુલ્લેઆમ અને છડેચોક ભંગ કરવાનો કે સંસ્થામાં કામ કરતાં તમામ કામદારોને તદ્દન ગેરવ્યાજબી અને ગેરકાયદેઅર રીતે નોકરીમાંથી કહેવાતી છટણીનાં નામે તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજથી નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ હોવાનો કે પ્રથમ પક્ષકાર સંસ્થાનું સદર કૃત્ય અયોગ્ય, અન્યાયી અને ગેરકાયદેસરનું મનસ્વી, જુલ્મી અનફેર લેબર પ્રેકટીસનું અને કુદરતી ન્યાયનાં સિધ્ધાંત વિરૂધ્ધનું હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા તા.૩૧-૦૩-૨૦૧૫, નાં રોજથી પ્રોડકશન બંધ કરેલ છે. હાલમાં સંસ્થામાં કોઇપણ પ્રકારની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ નથી અને ઉત્પાદન પ્રક્રિયા બંધ કરેલ છે. જેથી બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ કેસ ચાલી શકતો નથી અને રદ થવાંપાત્ર છે તથા અત્રેની અદાલતને સદર રેફરન્સ કેસ ચલાવવાની, સાંભળવાની કે તે અંગે નિર્ણય કરવાની સત્તા, હકુમત નથી. જેથી બીજા પક્ષકારનો રેફરન્સ કેસ ખર્ચ સહિત રદ કરવાં અરજ કરેલ છે.

૦૫.. બીજા પક્ષકારનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :-

બીજા પક્ષકારનાંઓએ પોતાનાં કેસની હકીકતનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

-:: મૌખિક પુરાવો ::-

અનું.નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
૧	બીજા પક્ષકાર મોતીલાલ ખાનાભાઇ મકવાણાની સીવીલ પ્રોસીજર કોડનાં ઓર્ડર ૧૮, રૂલ-૪, મુજબ સોગંદ ઉપરની સરતપાસ	૧૮

-:: દસ્તાવેજી પુરાવો ::-

બીજા પક્ષકાર પક્ષે પ્રથમ પક્ષકાર પાસેથી પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨, નું મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ અને મેમોરેન્ડમ ઓફ એસોસીએશનની સર્ટીની નકલ તથા માલિકો, ડાયરેકટરોનાં નામ અને સરનામા તથા ફેકટરી એકટ મુજબ કબ્જેદારની નિમણુંકનો પુરાવો, તેમનાં નામ, સરનામા, બીજા પક્ષકાર કામદારને છુટા કર્યા પહેલાનાં બે વર્ષનાં સમયગાળાનાં નફા નુકશાન ખાતુ તથા પાકું સરવૈયુ તથા ઓડિટ રીપોર્ટ, ચાર વર્ષ ઉત્પાદનનાં તેમજ વેચાણનાં આંકડાઓ બીજા પક્ષકારને છુતા કર્યા પહેલાનાં, બીજા પક્ષકારને છુટા કર્યા વખતે પ્રદર્શીત કરેલ સીનીયોરીટી લીસ્ટ, બીજા પક્ષકારને નોકરીમાંથી છુતા કર્યા પહેલાનાં ૨૪ માસ તથા છુતા કર્યા પછીનાં ૨૪ માસ દરમિયાનનું હાજરી પત્રક, પગાર પત્રક, બીજા પક્ષકારને આપવામાં આવેલ નિમણુંક હુકમ, છુટા કર્યાનો હુકમ તથા હાજરી કાર્ડનું પત્રક, આઇડેન્ટીટી કાર્ડ પત્રક, ફેકટરી એકટ મુજબ ફેકટરી એકટનું લાઇસન્સ, પી.એફ.નંબર, ઇએસઆઇ નંબર, કોન્ટ્રકટ રે.એન્ડએ.એકટ મુજબ કોન્ટ્રકટર અને મુખ્ય માલિકનાં લાયસન્સોની નકલ કોર્ટમાં રજૂ કરવા રેફરન્સ કેસ નં.૭૩૩/૨૦૦૯, નાં કામે આંક-૧૨, થી અરજી આપેલ. જે અરજીનો લેખિત જવાબ સામાવાળા પક્ષે આંક-૧૩, થી આપવામાં આવેલ છે.

અદાલત દ્વારા રેફરન્સ કેસ નં.૭૩૩/૨૦૦૯, નાં કામે બીજા પક્ષકારની આંક-૧૨, ની અરજી નીચે વિગતવારનો હૂકમ કરી બીજા પક્ષકારની અરજી અંશતઃમંજૂર કરવામાં આવેલ અને નાણાંકીય વર્ષ ૧૯૯૯-૨૦૦૦(આકારણી વર્ષ ૨૦૦૦-૨૦૦૧) નાં તેમના દ્વારા નિભાવવામાં આવતા. હિસાબો પૈકી આવક અને ખર્ચ અને નફા નુકશાનનાં હિસાબ હુકમ તારીખથી દિન-૩૦, માં તથા કામદારને લગતાં તા.૦૧-૦૧-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૨૦૦૬, સુધીનાં હાજરી પત્રક અને પગાર પત્રક બીજા પક્ષકારની હાલની અરજી ઉપરનાં હુકમથી દિન-૩૦, માં સામાવાળા નં.૧ અને ૨, નાં એ રજુ કરવા તથા વિકલ્પે તે મતલબું સોગંદનામું કરવું તેવો હૂકમ કરેલ. જે અનુસંધાને પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા તરફથી રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯, નાં કામે નિ.૧૬/એ થી જાન્યુઆરી ૨૦૦૪ થી ડિસેમ્બર ૨૦૦૬ સુધીનાં પગાર પત્રકોની સર્ટીફાઇડ નકલો રજૂ કરેલ છે. તથા હાલનાં કામે પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા તરફથી રેફરન્સ કેસ નં.૭૩૩/૨૦૦૯, નાં કામે નિ.૧૩/બી થી માર્ચ ૨૦૦૪ થી ડિસેમ્બર ૨૦૦૬ સુધીનાં પગાર પત્રકોની સર્ટીફાઇડ નકલો રજૂ કરેલ છે.

બીજા પક્ષકાર તર્ફે આ સિવાય કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર તર્ફે આંક-૨૦, થી કલોઝીગ પુરસીસ આપેલ છે.

૦૬.. પ્રથમ પક્ષકાર નં.૧, નો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :-

પ્રથમ પક્ષકારનાંઓએ પોતાનાં કેસની હકીકતનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

-:: મૌખિક પુરાવો ::-

અનું.નં.	મૌખિક પુરાવાની વિગત	આંક
૧	પ્રથમ પક્ષકાર નં.૧, વતી નરેન્દ્રસિંહ મોહનસિંહ ઠાકોરની સીવીલ પ્રોસીજર કોડનાં ઓર્ડર ૧૮, રૂલ-૪, મુજબ સોગંદ ઉપરની સરતપાસ	૨૧

-:: દસ્તાવેજી પુરાવો ::-

અનું.નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક/ નિશાની
૧	બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાને લખી આપેલ રાજીનામું અસલ	૧૯/૧
૨	બીજા પક્ષકારે ફુળ એન્ડ ફાઈનલ સેટલમેન્ટની લખી આપેલ રસીદ અસલ	૧૯/૨
૩	પ્રથમ પક્ષકારે કાયમી ધોરણે સંસ્થા બંધ કરવા અંગે ફેકટરી ઈન્સપેકટરની કચેરીને જાણ કરેલ તેની એટેસ્ટેડ કોપી	૨૨/૧
૨	પ્રથમ પક્ષકાર સંસ્થાનું ફેકટરી એકટ હેઠળ લાયસન્સની એટેસ્ટેડ કોપી	૨૨/૨
૩	પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થાએ ફેકટરી એકટ હેઠળ ભરેલ ફોર્મ નં.૧૧૩, ની એટેસ્ટેડ કોપી	૨૨/૩
૪	પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા કાયમી ધોરણે બંધ કર્યા અંગેનો ડેપ્યુટી લેબર કમિશ્નરને લખેલ પત્રની એટેસ્ટેડ	૨૨/૪

	કોપી	
૫	પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા કાયમી ધોરણે બંધ કર્યા અંગેનો રીજીઓનલ પ્રોવિડેન્ટ ફંડ કમિશ્નરને લખેલ પત્રની એટેસ્ટેડ કોપી	૨૨/૫

પ્રથમ પક્ષકાર નં.૧ તર્ફે આ સિવાય કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

પ્રથમ પક્ષકાર નં.૧, તર્ફે આંક-૨૩, થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

૦૭.. પ્રથમ પક્ષકાર નં.૨, નો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :-

પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે કોઇ મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

-:: દસ્તાવેજી પુરાવો ::-

અનું.નં.	દસ્તાવેજી પુરાવાની વિગત	નિશાની
૧	પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ ફોર્મ નં.XXIV નિયમ ૮૦-બી, મુજબ એપ્રોપ્રિએટ સરકારને મોકલાવેલ નોટીશની નકલ	૧૬/એ/૧
૨	પ્રથમ પક્ષકાર નં.૨, નાં એબીજા પક્ષકારને આપેલ નોટીશની ઝેરોક્ષ, તા.૨૬-૦૭-૨૦૦૬	૧૬/એ/૨
૩	બીજા પક્ષકારને હિસાબની વિગતનું મોકલેલ સ્ટેટમેન્ટ ઝેરોક્ષ	૧૬/એ/૩
૪	પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, નું સીનીયોરીટી લીસ્ટની ઝેરોક્ષ, તા.૧૮-૦૭-૨૦૦૬	૧૬/એ/૪

૫	પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, કાયમી ધોરણે સંસ્થા બંધ કરવા અંગે ફેકટરી ઇન્સપેકટરની કચેરીને જાણ કરેલ તેની એટેસ્ટેડ કોપી	નિ.૨૪/૧
૬	પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થાએ ફેકટરી એકટ હેઠળ ભરેલ ફોર્મ નં.૧૧૩, ની એટેસ્ટેડ કોપી	નિ.૨૪/૨
૭	પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા કાયમી ધોરણે બંધ કર્યા અંગેનો રીજીઓનલ પ્રોવિડેન્ટ ફંડ કમિશ્નરને લખેલ પત્રની એટેસ્ટેડ કોપી	નિ.૨૪/૩
૧૦	ફેકટરી ઇન્સપેકટર શ્રી એ અનુક્રમ નં.૧ થી ૩, માટે સંસ્થાને મોકલેલ પત્રની ઝેરોક્ષ	નિ.૨૪/૪

પ્રથમ પક્ષકાર નં.૨ તર્ફે આ સિવાય કોઇ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે આંક-૨૫, થી કલોઝીગ પુરસીસ આપેલ છે.

વિશેષમાં બંને પક્ષકારો દ્વારા રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯ તથા રેફરન્સ કેસ નં.૭૩૩/૨૦૦૯ નાં કામે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા હાલનાં કામે ધ્યાને લેવા આંક-૧૫, થી અરજી આપેલ. જે મુજબ દસ્તાવેજો ધ્યાને લીધા.

૦૮.. ત્યારબાદ સદર રેફરન્સ કેસ દલીલો માટે રાખવામાં આવેલ. બીજા પક્ષકારની દલીલો સાંભળવામાં આવેલ છે અને રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯, નાં કામે આંક-૨૮, થી લેખિત દલીલો રજૂ કરેલ છે, જે લેખિત દલીલો રેફરન્સ કેસ નં.૭૩૧/૨૦૦૯ થી રેફરન્સ કેસ નં.૭૩૭/૨૦૦૯, નાં કામે ધ્યાને લેવાં રજુઆત કરેલ છે. બીજા પક્ષકાર તર્ફે પોતાની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં નામદાર સુપ્રિમ કોર્ટ

તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદાઓ રજૂ કરેલ છે. (૧). Chief Officer Keshod Municipality Vs.Chandrakant Harilal Rakholiya (૨). Gurjargruvers Pvt.Ltd Vs.Akbarkhan Havaldarkhan) (૩). Gujarat Flohearald Principal S.B.Doshi Girls High School & Anr vs.Leelaben Somabhai Gadasa (૪). Director, Fisheries Terminal Division Vs. Bhikhubhai Meghajibhai Chavda (૫). GauriShankar Vs. State of rajasthan (૬). Rajkumar Vs.Director of education & Anr. (૭). Bhaveshkumar Trivedi Vs. Hindalco industries Ltd. (૮). Mackinon Mackenzie & Co.Ltd. Vs. Mackinnon Employees Union (૯). Nar Singh Pal Vs.Union of India (૧૦). Pankaj Kamaliya Vs. Deputy Conservation of Forest.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨, રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯, નાં કામે આંક-૨૯, થી લેખિત દલીલો રજૂ કરેલ છે. જે લેખિત દલીલો રેફરન્સ કેસ નં.૭૩૧/૨૦૦૯ થી રેફરન્સ કેસ નં.૭૩૭/૨૦૦૯, નાં કામે ધ્યાને લેવાં રજુઆત કરેલ છે. પ્રથમ પક્ષકાર તર્ફે પોતાની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા અન્ય નામદાર હાઈકોર્ટોનાં તથા નામદાર લેબર કોર્ટોનાં ચુકાદાઓ રજૂ કરેલ છે. જે તમામ ન્યાયિક નિર્ણય માટે વંચાણે લીધા.

(૧). Arvind Anand Gaikwad Vs.Uni Abex Alloy Products, Ltd and Others (૨). Ashok Kumar Misra Vs. L.H.Sugar Factory Ltd.(૩). Ramesh Son of Pandharinath Taharabadkar Vs.Executive Engineer, jayakwadi Project Stage No.2 Division No.1, Beed and Others (૪). Kendriya Vidyalaya Sanghathan & Anr Vs.S.C.Sharma (૫). Jindarsingh Bahra Vs. Gargo Motors Ltd. (૬). Gopal Nandkishor Sharma Vs. Manager, Nanavati Associates (૭). Md.Mohiuddin Vs. State of West Bengal and Others (૮). Novartis India Ltd. Vs.State of west Bengal and Others (૯). Bhajabhai Danabhai Rabari Vs. State of Gujarat & Ors. (૧૦). Gujarat State Road Transport Corporation Vs. Kacharbhai Vitthalbhai Bhoi (૧૧). Range Forest Officer and Another Vs. Chandubhai Govindbhai Chauhan (૧૨). D.T.C. Vs. Gian Chand (૧૩). Mohd.Shamim Vs.State of UP and Others (૧૪). State of M.P. And Others Vs.Somdutt Sharma (૧૫). રેફરન્સ કેસ (ટી) નં. નં.૭૨૮/૧૯૯૯ નાં કામે નામદાર સુરત લેબર કોર્ટનો ચુકાદો (૧૬). રેફરન્સ કેસ (ટી) નં. નં.૭૨૯/૧૯૯૯ નાં કામે નામદાર સુરત લેબર કોર્ટનો ચુકાદો (૧૭). રેફરન્સ

કેસ (ટી) નં. નં.૩૪૫/૨૦૦૦ નાં કામે નામદાર સુરત લેબર કોર્ટનો ચુકાદો (૧૮). રેફરન્સ કેસ (ટી) નં. નં.૩૫૧/૨૦૦૦ નાં કામે નામદાર સુરત લેબર કોર્ટનો ચુકાદો (૧૯). રેફરન્સ કેસ (ટી) નં. નં.૩૫૩/૨૦૦૦ નાં કામે નામદાર સુરત લેબર કોર્ટનો ચુકાદો (૨૦). રેફરન્સ કેસ (ટી) નં. નં.૧૨/૨૦૦૬ નાં કામે નામદાર સુરત લેબર કોર્ટનો ચુકાદો રજૂ કરેલ છે. જે તમામ ન્યાયિક નિર્ણય માટે વંચાણે લીધા.

૦૯.. સદર રેફરન્સનાં ગુણદોષ ઉપર ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

-:: ISSUES ::-

૦૧.. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકારો વચ્ચે કામદાર માલિકનાં સબંધ હતાં?

૦૨.. શું પ્રથમ પક્ષકાર પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(જે) ની વ્યાખ્યા મુજબ 'ઉદ્યોગ' માં સમાવેશ થતો નથી ?

૦૩.. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેમને પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષથી ઓછી નહી તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ છે?

૦૪.. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેમને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર છે અને તેમને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇનું પાલન કરેલ નથી?

૦૫.. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર છે?

૦૬.. શું હૂકમ ?

૧૦.. ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

૦૧. અંશતઃહકાર

૦૨. નકાર

૦૩. હકાર

૦૪. હકાર

૦૫. અંશતઃહકાર

૦૬. આખરી હૂકમ મુજબ

૧૧.. **—:: કા ર ણો ::—**

હાલનાં કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરતાં તે મદદનીશ શ્રમ આયુકત સુરતનાંઓએ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, ની કલમ-૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય થવા અનુસુચિમાં જણાવ્યા પ્રમાણે રેફરન્સ કરેલ છે. આથી આ રેફરન્સનો ન્યાયિક નિકાલ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, ની જોગવાઇ હેઠળ કરવામાં આવેલ છે. સદર જોગવાઇ મુજબ ન્યાયિક નિર્ણય કરતી વખતે અદાલતને મળેલ સત્તાની જોગવાઇ કલમ-૧૧(એ) માં આપવામાં આવેલ છે. સદર કાયદામાં માલિક દ્વારા કરવામાં આવતી કામદારની કામગીરીની સમાપ્તિને છટણી શબ્દ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે કે જેનું આલેખન કલમ-૨(ઓઓ) માં કરવામાં આવેલ છે. જયારે કલમ-૨૫(બી)માં સળંગ નોકરીની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને કલમ-૨૫(એફ)માં કામદારની છટણીની પૂર્વ શરતો જણાવેલ છે અને કલમ-૨૫(જી) માં છટણી માટેની કાર્યરીતિ જણાવેલ છે અને કલમ-૨૫(એચ) માં છટણી કરેલ કામદારને ફરીથી કામે રાખવા બાબત જણાવેલ છે એટલે કે સરળ

રીતે એમ કહી શકાય કે જો માલિકે કામદારને કામ ઉપરથી કાઢી મૂકેલ હોઇ, તો તેને છટણી કહી શકાય કે કેમ? તે તપાસવું જોઇએ અને કામદારને છટણીનાં આનુસંગીક લાભ મળેલ છે કે કેમ તે તપાસવું જોઇએ. ત્યારબાદ અદાલત કલમ-૧૧(એ) મુજબ મળેલ સત્તા પ્રમાણે ન્યાયિક નિર્ણય કરી શકે.

૧૨.. <u>મુદ્દા નંબર ૧</u> :-

૦૧.. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર વચ્ચે કામદાર માલિકનાં સબંધ હતાં?

હાલનાં કામે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, ની કલમ-૨(એસ) વંચાણે લેતાં :

Section-2(s) ***"workman"*** *means any person (including an apprentice) employed in any industry to do any manual, unskilled, skilled, technical, operational, clerical or supervisory work for hire or reward, whether the terms of employment be express or implied, and for the purposes of any proceeding under this Act in relation to an industrial dispute, includes any such person who has been dismissed, discharged or retrenched in connection with, or as a consequence of, that dispute, or whose dismissal, discharge or retrenchment has led to that dispute, but does not include any such person--*

(i) who is subject to the Air Force Act, 1950 (45 of 1950), or the Army Act, 1950 (46 of 1950), or the Navy Act, 1957 (62 of 1957); or

(ii) who is employed in the police service or as an officer or other employee of a prison; or

(iii) who is employed mainly in a managerial or administrative capacity; or

(iv) who, being employed in a supervisory capacity, draws wages exceeding 59[ten thousand rupees] per mensem or exercises, either by the nature of the duties attached to the office or by reason of the powers vested in him, functions mainly of a managerial nature.

હાલનાં કામે આંક-૦૪, થી માંગણાનું નિવેદન રજૂ કરી, માંગણાનાં નિવેદનનાં સમર્થનમાં બીજા પક્ષકારનાંએ આંક-૧૮, થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે અને જણાવેલ છે કે બીજા પક્ષકાર સામાવાળી સંસ્થામાં આશરે ૧૧ વર્ષથી કલાર્કનાં હોદ્દા ઉપર કાયમી કામદાર તરીકે માસિક રૂ.૩,૦૦૦/- નાં પગારથી નોકરીની ફરજો બજાવતાં હતાં અને નોકરીમાં દાખલ થયાં ત્યારથી જ નોકરીની ફરજો સંપુર્ણપણે ખંત, વફાદારી અને કાર્યક્ષમતાથી ફરજ બજાવતાં આવેલા અને કોઇ બેદરકારી યા અનિયમિતતા દાખવેલ નથી. બીજા પક્ષકારનો સર્વિસ રેકોર્ડ નિષ્કલંક અને ચોખ્ખો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થા એન્જીનીયરીંગ ઉદ્યોગમાં આવેલ છે અને જુદી જુદી ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝને લગતા મીનો બનાવવાની અને મશીનરી સપ્લાય કરવાની

કામગીરીમાં રોકાયેલી સંસ્થા છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, નું ડીવીઝન છે અને સીસ્ટર કન્સર્ન છે અને તેની આશરે ૮ થી ૧૦ જેટલી કંપનીઓ તે જ સરનામે આવેલ છે અને તે તમામ સંસ્થાઓમાં ટેક્ષટાઇલ મશીનોનાં જુદાંજુદાં પાર્ટઝ બનાવવામાં આવે છે અને તેને બોરસરા મશીન્સ(ડીવીઝન ઓફ હીમસન એન્જીનીયરીંગ ઇન્ડસ્ટ્રીઝ લી.) નાં નામે વેચવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ અને ૨, સંસ્થાઓનાં માલિકો યા ભાગીદારો કોમન યા એક જ કુટુંબનાં સભ્યો છે અને બંને સંસ્થાઓનો વહીવટ, દેખરેખ, અંકુશ અને સંચાલન એક જ જગ્યાએથી એક જ સરનામેથી એક જ કુટુંબનાં સભ્યો દ્રારા થાય છે. કામ કરતાં કામદારોને સંસ્થાઓની સગવડ અને જરૂરીયાત મુજબ એકમાંથી બીજી સંસ્થામાં કામ માટે હેરફેર કરવામાં આવતાં હતાં. બીજા પક્ષકાર નોકરીમાં દાખલ થયાં ત્યારથી પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્રારા હાજરી કાર્ડ, પગાર સ્લીપ, રજાનાં કાર્ડ, કે ઓળખ પત્રો જેવાં કોઇ પુરાવા આપવામાં આવતાં ન હતાં અને કામગીરી પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, દ્રારા જ લેવામાં આવતી હતી. કામ કરતાં કામદારોને કામની સગવડ અને જરૂરીયાત મુજબ એકમાંથી બીજી સંસ્થામાં કામ માટે મોકલવામાં આવતાં હતાં અને તે અંગેનાં કો દસ્તાવેજી પુરાવા સંસ્થા તરફથી કામદારોને આપવામાં આવતાં ન હતાં હોવાની હકીકત જણાવેલ છે. તેમજ પ્રથમ પક્ષકાર નં.૧ તર્ફે આંક-૧૩, થી લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે જયારે હાલનો કહેવાતો વિવાદ ઉપસ્થિત કર્યો ત્યારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(એસ) માં આપેલ કામદારની વ્યાખ્યા પ્રમાણેનાં કામદાર નહતાં અને નથી અને તથા પ્રથમ પક્ષકાર નં.૧, ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(જી) માં આપેલ માલિકની વ્યાખ્યા પ્રમાણેનાં માલિક નહતાં અને નથી અને સદર કેસ ચલાવવાની, સાંભળવાની કે તે અંગે નિર્ણય કરવાની નામદાર કોર્ટને સત્તા, હકુમત નથી. પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે આઇ.ડી.એકટમાં

જણાવેલ ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટની વ્યાખ્યા મુજબનો ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ અસ્તિત્વમાં નહતો અને નથી. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧, વિરૂધ્ધ રેફરન્સ કરવાનું કોઇ કારણ ઉત્પન્ન થયેલ નથી અને બીજા પક્ષકારનો રેફરન્સ કારણ વિનાનો હોય રદ થવાં પાત્ર છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થામાં કયારેય કામદાર તરીકે કામ કરેલ નથી અને બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થાનાં કયારેય કામદાર નહતાં અને નથી. બીજા પક્ષકાર અને પ્રયમ પક્ષકાર નં.૧, વચ્ચે માલિક અને કામદાર તરીકેનો સબંધ અસ્તિત્વમાં ન હતો તેમજ બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા વચ્ચે કોઇ ઔદ્યોગિક તકરાર નહતી અને નથી હોવાની હકીકત જણાવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે આંક-૧૨, થી લેખિત જવાબ રજૂ કરેલ છે. જેમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર નં.૨ અને પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા અલગ અલગ અસ્તિત્વ ધરાવતી સંસ્થાઓ છે અને બંને સંસ્થાઓનો વહીવટ અલગ અલગ રીતે થાય છે અને એક સંસ્થાનાં સંચાલન, દેખરેખ, અંકુશ વહીવટમાં બીજી સંસ્થાનાં કોઇપણ વ્યકિતનો હસ્તક્ષેપ કરવામાં આવતો નથી અને અમારી સંસ્થાનાં કામદારોને અન્ય સંસ્થામાં ફેરફાર કરતાં ન હતાં. બીજા પક્ષકારે માંગણાનાં નિવેદનનાં પેરા-૨, માં પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨ એ પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, ની માલિકી ડીવીઝન હોવાનું અને પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, ની સિસ્ટર કન્સર્ન જ હોવાની અને આશરે ૮ થી ૧૦, જેટલી કંપનીઓ તે જ સરનામે આવેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે બીજા પક્ષકાર પોતે પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, માં જ કામગીરી કરતાં હોવાની હકીકત માંગણાનાં નિવેદનમાં જણાવે છે તથા કામદારોને સંસ્થાઓની કામગીરી સગવડ અને જરૂરીયાત મુજબ સંસ્થાનાં સંચાલકો દ્વારા એક યા બીજી સંસ્થામાં કામ માટે મોકલવામાં આવતાં હોવાનું અને તેમનું નામ સંસ્થા દ્વારા કોઇ સંસ્થાનાં ચોપડા ઉપર લખવામાં આવતું હોઇ તે અંગેનાં કોઇ દસ્તાવેજી પુરાવા સંસ્થા દ્વારા તેમને આપવામાં આવતાં ન હોવાની

તમામ વાતો ખોટી હોવાની તથા સને.૨૦૦૯ તથા સને.૨૦૦૭ નાં વર્ષમાં કેસ કરનાર કામદારોએ પોતાનાં રેફરન્સમાં બે થી વધારે સંસ્થાનો ઉલ્લેખ તેમનાં કેસમાં કરેલ નથી. તો કયાં આધાર પુરાવાનાં આધારે પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨, સંસ્થાઓનાં નામો લખેલ, જે તમામ કેસોમાં પ્રથમ પક્ષકાર નં.૧, કોમન લખવામાં આવેલ છે. જયારે પ્રથમ પક્ષકાર નં.૨, તરીકે તેમને ખરેખર જે સંસ્થામાં કામ કરેલ તે જ સંસ્થાનું નામ લખેલ હોવાની હકીકત જણાવેલ છે. વિશેષમાં સદર કામે આંક-૧૮, થી બીજા પક્ષકાર મોતીલાલ ખાનાભાઇ મકવાણાની પ્રથમ પક્ષકારનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં બીજા પક્ષકારે સ્પષ્ટપણે કબુલ કરેલ છે કે '' પહેલા મારું નામ બોરસરામાં ચાલતું હતું અને ત્યારબાદ શીવ ઇલેકટ્રીકલમાં દાખલ થયેલ'' તથા વિશેષમાં કબુલ કરેલ છે કે ''હું કલાર્કનું કામ કરતો હતો. મે આશરે ૧૧ વર્ષ નોકરી કરેલ છે'' વિશેષમાં કબુલ રાખેલ છે કે ''મે જે વખતે બોરસરા મશીનમાં તથા શીવ ઇલેકટ્રીકલમાં કામ કરેલ, તે સંસ્થાનાં પગાર પત્રકમાં રેવન્યુ સ્ટેમ્પ મારીને મારી સહી કરાવી પગાર આપતાં હતાં. મને રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯, નાં કામે આંક-૧૬/એ વાળા લીસ્ટની નિ.૧૬/એ-૧ થી ૩૬, બતાવવામાં આવે છે, જે જોઇને હું કહું છું કે તે બોરસરા મશીન્સનાં પગાર પત્રકો છે, જેમાં મારૂ નામ નથી. મને રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯, નાં કામે આંક-૧૩/બી વાળા લીસ્ટની નિ.૧૩/બી-૧ થી ૩૪, બતાવવામાં આવે છે, જે જોઇને હું કહું છું કે તે શીવ ઇલેકટ્રીકલનાં પગાર પત્રકો છે, જેમાં મારૂ નામ છે પરંતુ સહી નથી.'' વિશેષમાં કબુલ રાખેલ છે કે ''બોરસરામાં હું કામ કરતો હતો ત્યારે તથા શીવ ઇલેકટ્રીકલમાં કામ કરતો હતો ત્યારે મારું પી.એફ.કપાતુ હતું.'' વિશેષમાં કબુલ રાખેલ છે કે તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજની કોઇ નોટીશ મને મળેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. વિશેષમાં પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે આંક-૧૬/એ, થી દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ રજૂ થયેલ છે, જે પૈકી નિ.૧૬/એ/૨, વાળો દસ્તાવેજ વંચાણે લેતાં પ્રથમ

પક્ષકાર નં.૨, સંસ્થા તરફથી બીજા પક્ષકારને તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ બીજા પક્ષકારને છૂટા કરવામાં આવે છે અને તે અંગેનાં હિસાબની નોટીસ આપેલ છે તથા નિ.૧૬/એ/૩, થી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ આપેલ હિસાબની વિગત છે તથા નિ.૧૬/એ/૪, થી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ મોકલેલ સીનીયોરીટીનું લીસ્ટની નકલ રજૂ કરેલ છે. આમ, ઉપરોકત પુરાવા ઉપરથી સ્પષ્ટપણે સાબિત થાય છે કે છટણી તા.૨૬-૦૭-૨૦૦૬, સુધી પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થામાં કામ કરેલ છે. જેથી તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨, નાં કામદાર હોવાનું પુરવાર થાય છે. આમ, બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર નં.૨, વચ્ચે કામદાર-માલિકનાં સબંધ હતાં હોવાનું પુરવાર થતું હોઇ, જેથી મુદ્દા **નં.૧,** નો જવાબ **"અંશતઃ હકાર"** માં આપવામાં આવે છે.

૧૩.. **<u>મુદ્દા નંબર ૨</u> :–**

૦૨.. શું પ્રથમ પક્ષકાર પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(જે) ની વ્યાખ્યા મુજબ 'ઉદ્યોગ' માં સમાવેશ થતો નથી ?

હાલનાં કામે આંક-૦૪, થી માંગણાનું નિવેદન રજૂ કરી, માંગણાનાં નિવેદનનાં સમર્થનમાં બીજા પક્ષકારનાંએ આંક-૧૮, થી પોતાનું સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે અને જણાવેલ છે કે બીજા પક્ષકાર સામાવાળી સંસ્થામાં આશરે ૧૧ વર્ષથી કલાર્કનાં હોદ્દા ઉપર કાયમી કામદાર તરીકે માસિક રૂ.૩,૦૦૦/- નાં પગારથી નોકરીની ફરજો બજાવતાં હતાં અને નોકરીમાં દાખલ થયાં ત્યારથી જ નોકરીની ફરજો સંપુર્ણપણે ખંત, વફાદારી અને કાર્યક્ષમતાથી ફરજ બજાવતાં આવેલા અને કોઇ બેદરકારી યા અનિયમિતતા દાખવેલ નથી. બીજા પક્ષકારનો સર્વિસ રેકોર્ડ નિષ્કલંક

અને ચોખ્ખો હતો. પ્રથમ પક્ષકાર સંસ્થા એન્જીનીયરીગ ઉદ્યોગમાં આવેલ છે અને જુદી જુદી ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝને લગતા મીનો બનાવવાની અને મશીનરી સપ્લાય કરવાની કામગીરીમાં રોકાયેલી સંસ્થા છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧, નું ડીવીઝન છે અને સીસ્ટર કન્સર્ન છે અને તેની આશરે ૮ થી ૧૦ જેટલી કંપનીઓ તે જ સરનામે આવેલ છે અને તે તમામ સંસ્થાઓમાં ટેક્ષટાઇલ મશીનોનાં જુદાંજુદાં પાર્ટઝ બનાવવામાં આવે છે અને તેને બોરસરા મશીન્સ(ડીવીઝન ઓફ હીમસન એન્જીનીયરીગ ઇન્ડસ્ટ્રીઝ લી.) નાં નામે વેચવામાં આવતી હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તર્ફે કોઇ ખંડનાત્મક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. તે સિવાય પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તર્ફે આ કામે બીજા પક્ષકારની ઉલટતપાસમાં કે હાલનાં કામે પોતે રજૂ કરેલ લેખિત કે મૌખિક પુરાવા દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાઓ ઉદ્યોગની વ્યાખ્યામાં આવતી નહી હોવાની હકીકત સાબિત કરી શકેલ નથી. સદર મુદ્દા અનુસંધાને

''ઉદ્યોગ' યાને ''Industry" ની વ્યાખ્યા ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, ની કલમ-૨(જે) માં આપવામાં આવેલ છે. જે વંચાણે લેતાં :

*section-2(j) **"industry"** means any business, trade, undertaking, manufacture or calling of employers and includes any calling, service, employment, handicraft, or industrial occupation or avocation of workmen.*

આમ, ઉદ્યોગ એટલે નિયોજક અને તેનાં કામદારોનાં સહકારથી માનવીય જરૂરીયાતો અથવા ઇચ્છાઓ સંતોષવા માટે માલ અથવા સેવાઓનું ઉત્પાદન, પુરવઠો, અથવા વહેંચણી માટે વ્યવસ્થીત પ્રવૃત્તિ. ભલે પછી (૧). આવી પ્રવૃત્તિ માટે મૂડીરોકાણ

કરવામાં આવ્યુ હોય કે નહી અથવા (૨). આવી પ્રવૃત્તિ કોઇ લાભ કે નફો મેળવવાનાં હેતુથી કરવામાં આવતી હોય કે નહી. આવા કામદારો કામે રાખનારે ઠેકેદાર અથવા અન્ય કોઇ માધ્યમ મારફતે રોકાયેલા હોઇ શકે છે.

State of Bombay & Others Vs. The Hospital Mazdoor Sabha & Others, *Reported in 1960 AIR 610, 1960 SCR(2)866* નાં ચુકાદામાં જણાવેલ છે કે It is the Character of the activity which decides the question whether the activity in question attracts the provision of section 2(J), who conducts the activity and whether it is conducted for profit or not do not make a amterial difference.

State of Gujarat and Anr.Vs.Ramabhai Lalbhai, (Special Civil Application No.3601/2009 to 3607/2009, Decided on 21-06-2010, માં નામદાર ગુજરાત હાઇકોર્ટે નીચે મુજબનું અવલોકન કરેલ છે.

"7. The Labour Court has rightly considered the Section and activities carried out by Petitioner department but, merely Petitioner department is a part of Government department, is not enough to exclude the activities carried out by

Petitioner from the purview of Section 2(j) of the I.D. Act, 1947. In fact, Exhibit 18, evidence of witness of Petitioner has not led clear evidence before Labour Court that what kind of activities carried out, which can be considered to be a sovereign function of Petitioner department. If systematic activities carried out with the help of relationship as a master and servant and it may manufacturing of any item or distribution of any item or satisfied the needs of human being, then also such activities is considered to be an industry within the meaning of Section 2(j) of the I.D. Act, 1947. So there was no sufficient evidence, produced by Petitioner department before Labour Court to justify his defence except oral evidence of one retired Director at Exhibit 18, who is failed to establish contention raised by Petitioner department. Therefore, in light of above observations made by Labour Court considering Apex Courts decision in case of State of Bombay and Ors. v. Hospital Mazdoor Sabha and Ors. (supra) as well as Bangalore Water Supply and Sewerage Board v. A. Rajappa and Ors. (supra) where

tripple test has been laid down which has been satisfied in facts of this case because Petitioner department is failed to establish the fact before Labour Court that Petitioner department is performing sovereign function of State Government. Therefore, according to my opinion, contention which has been raised by learned AGP Ms. Mathur cannot be accepted. The Labour Court has rightly come to conclusion that Petitioner department is covered by definition of Section 2(j) industry under provisions of the I.D. Act, 1947. For that, Labour Court has not committed any error which requires any interference by this Court."

Bangalore Water Supply vs. R Rajappa & Others. AIR 1978 (S.C.)548 નાં ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબનું અવલોકન કરેલ છે.

1. 'Industry', as defined in Sec, 2 (j) and explained hi Banerji, has a wide import.

(a) Where (i) systematic activity, (ii) organized by co- operation between employer and employee, (the direct and substantial element is chimerical) (iii) for the production and/or distribution of goods and

services calculated to satisfy human wants and wishes (not spiritual or religious but inclusive of material things or services geared to, celestial bliss e.g. making, on a large scale, prasad or food), prima facie, there is an 'industry' in that enterprise.

(b) Absence of profit motive or gainful objective is irrelevant, be the venture in the public, joint private or other sector.

(c) The true focus is functional and the decisive test is the nature of the activity with special emphasis on the employer-employee relations.

(d) If the Organisation is a trade or business, it does not cease to, be one because of philanthropy animating the undertaking.

વિશેષમાં ઉદ્યોગની વ્યાખ્યામાં ***Bangalore Water Supply vs. R Rajappa & Others.* AIR 1978 (S.C.)548** નાં કેસમાં સુપ્રિમ કોર્ટે આપેલો સદર નિર્ણય દુરગામી અસર પાડનારો અને શકવર્તી છે. આ કેસમાં ઠરાવાયું છે કે "*જયાં (૧). વ્યવસ્થીત પ્રવૃત્તિ થતી હોય (૨). આવી પ્રવૃત્તિ માલિક અને કામદારનાં સહકારથી આયોજીત થતી હોય અને (૩). આવી પ્રવૃત્તિ માનવીય જરૂરીયાતો અને ઈચ્છાઓની પૂર્તિ માટે ઉત્પાદન કે સેવાઓ આપવા*

માટે કરવામાં આવતી હોય ત્યારે આવી કોઇપણ પ્રવૃત્તિ ઉદ્યોગ છે'' આમ, કોઇ પ્રવૃત્તિ ઉદ્યોગ છે કે કેમ તે નકકી કરવા માટે નામદાર સુપ્રિમ કોર્ટે સદર ચુકાદામાં ઉપરની ત્રણ કસોટીઓ નકકી કરેલ છે.

ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતાં સંસ્થાનો સમાવેશ ઉદ્યોગની વ્યાખ્યામાં થાય છે કે કેમ? તે તપાસવા સંસ્થાની કામગીરીનો પ્રકાર જાણવો જરૂરી છે. ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, ની કલમ-૨(જે) માં ઉદ્યોગની આપવામાં આવેલ વ્યાખ્યા તથા ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યાં મુજબ કોઇપણ સંસ્થામાં માલિક અને નોકરનાં સહકારથી પધ્ધતિસરની કામગીરી કરવામાં આવતી હોય અને તે વસ્તુનાં ઉત્પાદન અને વહેંચણી માટેની હોય અને સેવાઓ માનવીય જરૂરીયાત અને ઇચ્છાઓ સંતોષવા માટે આપવામાં આવતી હોય તેને ઉદ્યોગ કહેવાય. તે માટે સંસ્થાનો હેતુ નફાનો હોવો જરૂરી નથી. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રથમ પક્ષકારો તર્ફે સદર મુદ્દાની તકરાર સબંધે કોઇ પણ જાતનો દસ્તાવેજ કે મૌખિક પુરાવો રજૂ કરેલ નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટનાં ***સને.૨૦૦૬ (૧) જી.એલ.આર. ૬૯૫ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ કરશનભાઇ જેસંગભાઇ***નાં ચુકાદામાં સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે ઉદ્યોગ યાને ઇન્ડસ્ટ્રી એ ફકત કાયદાનો મુદ્દો નથી. સંસ્થાનો સમાવેશ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, ની કલમ-૨(જે) હેઠળ ઉદ્યોગમાં થતો ન હોવાની જવાબમાં તકરાર લેવું પુરતુ નથી, પરંતુ માલિકે આ સબંધે દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરવો જોઇએ. ઉપર જણાવ્યા મુજબ હાલનાં કામે પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્વારા તેઓનો સમાવેશ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭, ની કલમ-૨(જે) હેઠળ ઉદ્યોગમાં સમાવેશ થતો ન હોવાની તકરાર લીધા બાદ આ સબંધે કોઇ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલ ન હોઇ, જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(જે) ની વ્યાખ્યા મુજબ 'ઉદ્યોગ' માં સમાવેશ

થતો ન હોવાની હકીકત પુરવાર થતી ન હોઇ, મુદ્દા **નં.૨,** નો જવાબ **"નકાર"** માં આપવામાં આવે છે.

૧૪.. <u>મુદ્દા નંબર ૩</u> :–

૦૩. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેમણે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષથી ઓછા નહી, તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ છે?

સદર મુદ્દા સબંધે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(બી) ની કાયદાકીય જોગવાઇઓ વંચાણે લેવી ન્યાયોચિત જણાય છે.

25B. DEFINITION OF CONTINUOUS SERVICE. - For the purposes of this Chapter, - (1) a workman shall be said to be in continuous service for a period if he is, for that period, in uninterrupted service, including service which may be interrupted on account of sickness or authorised leave or an accident or a strike which is not illegal, or a lock-out or a cessation of work which is not due to any fault on the part of the workman;

(2) where a workman is not in continuous service within the meaning of clause (1) for a period of one year or six months, he shall be deemed to be in continuous service under an employer -

(a) for a period of one year, if the workman, during a period of twelve calendar months preceding the date with reference to which calculation is to be made, has actually worked under the employer for not less than - (i) one hundred and ninety days in the case of a workman employed below ground in a mine; and(ii) two hundred and forty days, in any other case;

(b) for a period of six months, if the workman, during a period of six calendar months preceding the date with reference to which calculation is to be made, has actually worked under the employer for not less than - (i) ninety-five days, in the case of a workman employed below ground in a mine; and

(ii) one hundred and twenty days, in any other case.

Explanation : For the purpose of clause (2), the number of days on which a workman has actually worked under an employer shall include the days on which - (i) he has been laid-off under an agreement or as permitted by standing orders made under the Industrial Employment (Standing Orders)

Act, 1946 (20 of 1946), or under this Act or under any other law applicable to the industrial establishment;

(ii) he has been on leave with full wages, earned in the previous year;

(iii) he has been absent due to temporary disablement caused by accident arising out of and in the course of his employment; and

(iv) in the case of a female, she has been on maternity leave; so, however, that the total period of such maternity leave does not exceed twelve weeks.

કલમ-૨૫(બી) માં આપવામાં આવેલ સળંગ નોકરીની વ્યાખ્યા બે ભાગમાં વહેંચાયેલ છે. અવરોધ વિનાની નોકરી તે સળંગ નોકરી છે. ઉપરાંત જો નીચેનામાંથી કોઇ કારણને લીધે નોકરીમાં જો અવરોધ થયો હોય, તો પણ તેને સળંગ નોકરીમાં ગણવામાં આવશે. એટલે કે માંદગી, અધિકૃટ રજા, અકસ્માત, કાયદેસર હડતાળ, તાળાબંધી અને પોતે જેમાં દોષિત ન હોય તેવી કામબંધીનાં કારણે તેને નોકરીમાં અવરોધ થયોલો ગણાશે નહી અને સળંગ નોકરી ગણાશે. આ પ્રકરણનાં હેતુઓ માટે કામદારની સેવેમાં અવરોધ ત્યારે જ ગણાય કે જયારે તેની છટણી કરવામાં આવી હોય તેને છુટો અને બરતરફ કરવામાં આવ્યો હોય અથવા કરાર કે કાયદાની જોગવાઇઓ હેઠળ જયારે તેની નોકરીનો અંત લાવવામાં આવેલ હોય.

ઉપરોકત જણાવેલ હાલનાં કાયદાની જોગવાઇઓનો બીજા પક્ષકાર લાભ લેવા માંગતાં હોઇ, તો તેમણે પુરવાર કરવું જોઇએ કે બીજા પક્ષકારને છુટા કર્યાનાં ૧૨,

માસમાં તેઓએ સતત અને સળંગ ૨૪૦ દિવસ ફરજ બજાવેલ છે. આમ, અરજદાર આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ) ની જોગવાઇઓનો લાભ મેળવવા માંગતાં હોય તો તેમણે સંસ્થામાં ૨૪૦ દિવસ ફરજ બજાવેલ છે, તે હકીકત નિઃશંકપણે પુરવાર કરવી જોઇએ, તે પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને અદાલત માને છે.

સદર કામે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં, બીજા પક્ષકારે તેમનાં કેસને સમર્થન આપવા આંક-૦૪, થી માંગણાનું નિવેદન તથા આંક-૧૮, થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે, જેમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર નોકરીમાં દાખલ થયાં ત્યારથી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે અને છુટા કર્યા અગાઉનાં બાર માસમાં ૨૪૦ દિવસો ઉપરાંતની નોકરી કરેલ છે. જે અનુસંધાને પ્રથમ પક્ષકાર નં.૨, તરફથી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં પણ બીજા પક્ષકારે તેમને છુટા કર્યા અગાઉનાં વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરેલ નથી, તેવી કોઇ હકીકત પ્રથમ પક્ષકાર નં.૨, નાં જણાવેલ નથી. વિશેષમાં બીજા પક્ષકારની આંક-૧૮, લગતની ઉલટતપાસમાં પણ પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્વારા કામદારની છટણી અગાઉ બીજા પક્ષકારે કરેલ ૨૪૦ દિવસ સબંધે કોઇ ઉલટતપાસ કરેલ નથી. બીજા પક્ષકાર સ્પષ્ટ કેસ લઇને આવેલ છે કે બીજા પક્ષકાર નોકરીમાં દાખલ થયાં ત્યારથી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે અને છુટા કર્યા અગાઉનાં બાર માસમાં ૨૪૦ દિવસો ઉપરાંતની નોકરી કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાઓ તરફથી સદર મુદ્દા અંગે બીજા પક્ષકારની હકીકતો સબંધે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ કોઇ ખંડનાત્મક પુરાવો રજૂ થયેલ નથી. આથી બીજા પક્ષકારે સોગંદ ઉપર કરેલ કથનો નહી માનવાને કોઇ કારણ નથી. આમ, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ-૨૫-બી, પ્રમાણે સળંગ નોકરીમાં હતાં, તેવું સાબિત કરી શકેલ હોઇ, મુદ્દા **નં.૩,** નો જવાબ

"હકાર" માં આપવામાં આવે છે.

૧૫.. <u>મુદ્દા નંબર ૪ :–</u>

૦૪. શું અરજદાર પુરવાર કરે છે કે, તેમને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર છે અને તેમને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈનું પાલન કરેલ નથી.?

સદર મુદ્દા સબંધે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫(એફ) ની કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેવી ન્યાયોચિત જણાય છે.

Section 25F of Industrial Disputes Act 1947 : "Conditions precedent to retrenchment of workmen"

25F. No workman employed in any industry who has been in continuous service for not less than one year under an employer shall be retrenched by that employer until-

(a) the workman has been given one month's notice in writing indicating the reasons for retrenchment and the period of notice has expired, or the workman has been paid in lieu of such notice, wages for the period of the notice;

(b) the workman has been paid, at the time of retrenchment, compensation which shall be equivalent to fifteen days' average pay 46[for every completed year of continuous

service] or any part thereof in excess of six months;

and

(c) notice in the prescribed manner is served on the appropriate Government or such authority as may be specified by the appropriate Government by notification in the Official Gazette.

ઉપરની કાયદાકીય જોગવાઇઓ જોતાં તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે જયારે કામદારને માલિક છૂટા કરવાનાં હોય તો માલિકે શું કાર્યવાહી કરવી જોઇએ અને આવી કાર્યવાહી ન કરેલ હોય, તો માલિકનું કામદારને છૂટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરે છે.

ઉપરોકત જોગવાઇ વંચાણે લેતાં કામદારની છટણી કરતાં અગાઉ સદર જોગવાઇનું પાલન કરવું એ પૂર્વશરત છે. છટણી કાયદેસર બનાવવા માટે કલમ-૨૫(એફ)નું પાલન થવું જ જોઇએ. માલિકે કરેલ કામદારની છટણી કાયદેસર બને તે માટે (૧). છટણી માટેનાં કારણો દર્શાવતી એક માસની લેખિત નોટીસ કામદારને આપવી જોઇએ અથવા તે નોટીસનાં બદલે નોટીસનાં સમય પૂરતુ કામદારને વળતર આપવું જોઇએ. (૨). સળંગ નોકરીનાં પુરા કરેલા દરેક એક વર્ષ અથવા છ મહિનાથી વધારે થતા સમયનાં ભાગ માટે પંદર દિવસનાં સરેરાશ પગાર બરાબર થતી રકમ વળતર તરીકે કામદારને ચૂકવવી જોઇએ અને (૩). ઉચિત સરકારને નિયત નોટીસ આપવી જોઇએ. કામદારની છટણી કરતાં અગાઉ સદર જોગવાઇનું પાલન કરવું ફરજીયાત છે. આ કલમનું પાલન કર્યા સિવાય કામદારની છટણી કરી શકાય નહી.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ અન્વયે માલિક પર કોઇ પણ સંજોગોમાં કામદારની નોકરી સમાપ્ત કરવા સંપૂર્ણ પ્રતિબંધ મુકેલ છે, તેવું નથી પરંતુ માલિક જયારે કામદારની નોકરી સમાપ્ત કરવા ચાહે ત્યારે તેણે ઔદ્યોગિક વિવાદ અધિનિયમની જોગવાઇઓનું પાલન કરવાની ફરજ ઉત્પન્ન થયા છે. હાલનાં કેસમાં પ્રથમ પક્ષકાર નં.૨, પોતાનાં આંક-૧૨, નાં લેખિત જવાબમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર નં.૨, નાં તરફથી કાયદેસરની કાર્યવાહી કરી નિયમસરની નોટીસો લાગુ પડતા સરકારી તંત્રોને આપી આર્થિક રીતે સંસ્થા ચાલુ રાખવી પોષાય તેમ ન હોવાનાં કારણે અમોએ સંસ્થા કાયદેસરનાં હકક હિસ્સાનાં નાણાં બીજા પક્ષકારને સ્વીકારવા જણાવતાં, તે ન સ્વીકારતા ચેક/મની ઓર્ડરથી મોકલવામાં આવેલ છે અને નોટીસ આપવામાં આવેલ છે અને સંસ્થા તરફથી બીજા પક્ષકારને જે નાણાંકીય ચુકવણી કરવામાં આવી હતી, તે અંગે વિગતવાર જણાવેલ છે. જેથી પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ),(જી),(એચ)નો કોઇ ભંગ કરેલ નથી અને છુટા કરતી વખતે આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ) અને ૨૫(જી) મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. એટલે કે પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા પોતાનો સ્પષ્ટ કેસ લઇને આવેલ છે કે આર્થિક રીતે સંસ્થા ચાલુ રાખવી પોષાય તેમ ન હોઇ, જેથી કામદારોની છટણી કરેલ છે. આ સબંધે પ્રથમ પક્ષકાર નં.૨, તરફથી નિ.૧૬/એ/૨, વાળી કામદારને તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ આપવામાં આવેલ નોટીસમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે તમોને ઉપરોકત કામગીરી બજાવવા માટે વધુ સમય માટે ચાલુ રાખવાનું અમોને આર્થિક રીતે પોષાય તેમ નથી અને તેથી તમારી કામગીરી અમોને આર્થિક રીતે વધારાની (ઇકોનોમીક સરપ્લસ) માલુમ પડેલ છે અને તેનાં કારણે તમોને કાયદા મુજબ કમી કરવાનું અમો મેનેજમેન્ટ નકકી કરીએ છીએ હોવાની હકીકત જણાવેલ છે. આમ, બીજા પક્ષકારની કામગીરી પ્રથમ

પક્ષકાર નં.૨, સંસ્થા દ્વારા પોતાની આર્થિક કારણોસર (ઇકોનોમીક સરપ્લસ) ચાલુ રાખવા પોષાય તેમ ન હોઇ, જેથી છુટા કરેલાનું જણાય આવે છે. રેફરન્સ કેસ નં.૭૩૩/૨૦૦૯, નાં કામે હાલનાં કામે બીજા પક્ષકાર દ્વારા આંક-૧૨, થી પ્રથમ પક્ષકાર પાસેથી પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨, નું મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ અને મેમોરેન્ડમ ઓફ એસોસીએશનની સર્ટીની નકલ તથા માલિકો, ડાયરેકટરોનાં નામ અને સરનામા તથા ફેકટરી એકટ મુજબ કબ્જેદારની નિમણુંકનો પુરાવો, તેમનાં નામ, સરનામા, બીજા પક્ષકાર કામદારને છુટા કર્યા પહેલાનાં બે વર્ષનાં સમયગાળાનાં નફા નુકશાન ખાતુ તથા પાકું સરવૈયુ તથા ઓડિટ રીપોર્ટ, ચાર વર્ષ ઉત્પાદનનાં તેમજ વેચાણનાં આંકડાઓ બીજા પક્ષકારને છુટા કર્યા પહેલાનાં વિગેરે દસ્તાવેજો રજૂ કરાવવા અરજી આપેલ, જે અનુસંધાને અદાલત દ્વારા રેફરન્સ કેસ નં.૭૩૩/૨૦૦૯, નાં કામે બીજા પક્ષકારની આંક-૧૨, ની અરજી નીચે વિગતવારનો હૂકમ કરી બીજા પક્ષકારની અરજી અંશતઃમંજૂર કરવામાં આવેલ અને પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨, નાં એ નાણાંકીય વર્ષ ૧૯૯૯-૨૦૦૦(આકારણી વર્ષ ૨૦૦૦-૨૦૦૧) નાં તેમના દ્વારા નિભાવવામાં આવતા. હિસાબો પૈકી આવક અને ખર્ચ અને નફા નુકશાનનાં હિસાબ હુકમ તારીખથી દિન-૩૦, માં તથા કામદારને લગતાં તા.૦૧-૦૧-૨૦૦૪ થી તા.૩૧-૧૨-૨૦૦૬, સુધીનાં હાજરી પત્રક અને પગાર પત્રક બીજા પક્ષકારની હાલની અરજી ઉપરનાં હુકમથી દિન-૩૦, માં સામાવાળા નં.૧ અને ૨, નાં એ રજુ કરવા તથા વિકલ્પે તે મતલબું સોગંદનામું કરવું તેવો હૂકમ કરેલ. તેમ છતાં પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨, દ્વારા નાણાંકીય વર્ષ ૧૯૯૯-૨૦૦૦(આકારણી વર્ષ ૨૦૦૦-૨૦૦૧) નાં તેમના દ્વારા નિભાવવામાં આવતાં હિસાબો પૈકી આવક અને ખર્ચ અને નફા નુકશાનનાં હિસાબ હાલનાં કામે રજૂ કરેલ નથી કે તે મતલબનું સોગંદનામું રજૂ કરેલ નથી. તેમજ સદર દસ્તાવેજો પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થાની આર્થિક પરિસ્થિતિ અંગેની પરિસ્થિતિ બાબતે ખૂબ જ અગત્યનાં

દસ્તાવેજો છે. તેમ છતાં તે દસ્તાવેજો પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. જેથી પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા પોતાનો સ્પષ્ટ કેસ લઇને આવેલ છે કે આર્થિક રીતે સંસ્થા ચાલુ રાખવી પોષાય તેમ ન હોઇ, જેથી કામદારોની છટણી કરેલ છે. જેથી પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થાએ જણાવેલ સદર હકીકત વિરૂધ્ધનું અનુમાન કરવું અત્રેની અદાલત માને છે. આ સબંધે **Chief Officer, Keshod Municipality vs Chandrakant Harilal Rakholiya, Cited in (2003) 2 GLR 1755**

15..........It is necessary to be noted that the provisions contained in Section 25F of the I.D. Act is not giving licence to the employer to terminate the services of the workman by merely complying with the provisions of Section 25F even in case of no justification. Therefore, the employer is required to establish and justify the action of termination before the Labour Court that he has terminated the services of the workman concerned in accordance with the provisions of Section 25F of the Act and that there is genuine justification to terminate the services of the workman.....

સદર ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે અસવલોકન કરેલ છે કે છટણીનાં હુકમને માન્ય કરવા માટે માત્ર ૨૫(એફ)ની જરૂરીયાતનું પાલન થવું જરૂરી નથી પરંતુ કામદારની નોકરીનો અંત લાવવા માટે વ્યાજબી કારણ પણ હોવું જોઇએ. આમ, જયારે સદર કેસમાં પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા પોતાનો સ્પષ્ટ કેસ લઇને આવેલ છે કે આર્થિક રીતે સંસ્થા ચાલુ રાખવી પોષાય તેમ ન હોઇ, જેથી કામદારોની છટણી કરેલ છે. ત્યારે તે હકીકત પુરવાર કરવાનો બોજો પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા ઉપર છે. પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે પોતાની આર્થિક રીતે સંસ્થા ચાલુ રાખવી પોષાય તેમ ન હોઇ, જેથી કામદારોની છટણી કરેલ છે, તે હકીકત અને કારણ પુરવાર કરવા હાલનાં

કામે દસ્તાવેજી પુરાવો પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા તરફથી રજૂ કરેલ નથી. જેથી પ્રથમ પક્ષકાર નં.૨, દ્વારા આર્થિક રીતે સંસ્થા ચાલુ રાખવી પોષાય તેમ ન હોઇ, જેથી કામદારોની છટણી કરેલ છે, તે કારણ પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થાનું માની શકાય નહી. જેથી પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા દ્વારા બીજા પક્ષકારની કરેલ છટણી પ્રથમથી જ ગેરકાયદેસર હોવાનું અત્રેની અદાલત માને છે.

વિશેષમાં હાલનાં કેસમાં જયારે બીજા પક્ષકાર કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષથી ઓછા નહી તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ છે, ત્યારે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમને છુટા કરતી વેળા ઔદ્યોગિક વિવાદ અધિનિયમમાં જણાવેલ જોગવાઇઓનું પાલન કરવાનું હતું. બીજા પક્ષકારે આંક-૧૮, થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે, જેમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર સામાવાળી સંસ્થામાં આશરે ૧૧ વર્ષથી કલાર્કનાં હોદ્દા ઉપર કાયમી કામદાર તરીકે માસિક રૂ.૩,૦૦૦/- નાં પગારથી નોકરીની ફરજો બજાવતાં હતાં અને નોકરીમાં દાખલ થયાં ત્યારથી જ નોકરીની ફરજો સંપુર્ણપણે ખંત, વફાદારી અને કાર્યક્ષમતાથી ફરજ બજાવતાં આવેલા અને કોઇ બેદરકારી યા અનિયમિતતા દાખવેલ નથી. બીજા પક્ષકારનો સર્વિસ રેકોર્ડ નિષ્કલંક અને ચોખ્ખો હતો. યુનિયન દ્વારા આઇ.ટી.નં.૧૦/૦૫, ઇનફકચ્યુઅસ બનાવવાનાં એકમાત્ર બદઆશય અને બદ ઇરાદાથી તદ્દન ગેરવ્યાજબી અને ગેરકાયદેસર રીતે તમામ કામદારોને કહેવાતી છટણીનાં નામે તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ સંસ્થા નં.૨, નાં એ સંસ્થા નં.૧, નાં કહેવાથી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. જે સંસ્થાઓનુ કૃત્ય આઇ.ડી.એકટની કલમ-૨૫(એફ), ૨૫(એચ), ૨૫(જી) નાં સીધેસીધા ભંગ સ્વરૂપનું છે. આઇ.ડી.એકટની કલમ-૩૩, મુજબ તેમજ છુટા કરતાં પહેલા એપ્રુલ કે પરમીશન મેળવેલ ન હોય કલમ-૩૩ ની જોગવાઇઓ તેમજ ૧૦૦ કરતાં વધુ કામદારો હોય કલમ-૨૫(એન) નો પણ ભંગ કરેલ છે. બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય એટલા માટે

પણ ગેરકાયદેસર છે કે બીજા પક્ષકાર જે કામગીરી કરતાં હતાં તે કામગીરી સંસ્થામાં ચાલુ રહેલ અને બીજા પક્ષકારની જગ્યાએ અન્ય કામદારોને રોકેલ. બીજા પક્ષકારની છટણી કરતાં પહેલા કોઇ સીનીયોરીટી લીસ્ટ મેન્ટેઇન કરવામાં આવેલ નહી તથા વિશેષમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર કામદાર નોકરીમાં દાખલ થયાં ત્યારથી દરેક વર્ષમાં ૨૪૦ દિવસો ઉપરાંતની કામગીરી કરેલ છે અને છુટા કર્યા અગાઉનાં ૧૨ માસમાં પણ ૨૪૦ દિવસો ઉપરાંતની કામગીરી કરેલ છે તેમ છતાં બીજા પક્ષકાર કામદારની નોકરીનો અંત ગેરકાયદેસર રીતે મજુર કાયદાની જોગવાઇઓનો ભંગ કરી લાવવામાં આવેલ છે, જે બીજા પક્ષકારને છુટા કરવાનું કૃત્ય સંસ્થાઓનું ગેરકાયદેસર છે. જે અનુસંધાને પ્રથમ પક્ષકાર નં.૧, તરફથી વિ.વ.શ્રી દ્રારા ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં બીજા પક્ષકારે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે ‘‘સદર કેસ બોરસરા સંસ્થા અને શીવ ઇલેકટ્રીકલ સંસ્થા વિરૂધ્ધ દાખલ કરેલ છે. પહેલા મારૂ નામ બોરસરમાં ચાલતું હતું અને ત્યારબાદ શીવ ઇલેકટ્રીકલમાં દાખલ થયેલ. હું કલાર્કનું કામ કરતો હતો. મે આશરે ૧૧ વર્ષ નોકરી કરેલ છે. ત્યારબાદ મને બોરસરા અને શીવ ઇલેકટ્રીકલમાં બંને સંસ્થામાં બદલ્યા કરતાં હતાં. બંને સંસ્થામાં છેલ્લે તા.૨૬-૦૭-૨૦૦૬, સુધી કામ કરેલ. વિશેષમાં કબુલ રાખેલ છે કે મે જે વખતે બોરસરા મશીનમાં તથા શીવ ઇલેકટ્રીકલમાં કામ કરેલ, તે સંસ્થાનાં પગાર પત્રકમાં રેવન્યુ સ્ટેમ્પ મારીને મારી સહી કરાવી પગાર આપતાં હતાં. મને આંક-રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯, નાં કામે રજુ કરેલ ૧૬/એ વાળા લીસ્ટની નિ.૧૬/એ-૧ થી ૩૬, બતાવવામાં આવે છે, જે જોઇને હું કહું છું કે તે બોરસરા મશીન્સનાં પગાર પત્રકો છે, જેમાં મારૂ નામ નથી. મને રેફરન્સ કેસ નં.૭૩૦/૨૦૦૯, નાં કામે રજુ કરેલ આંક-૧૩/બી વાળા લીસ્ટની નિ.૧૩/બી-૧ થી ૩૪, બતાવવામાં આવે છે, જે જોઇને હું કહું છું કે તે શીવ ઇલેકટ્રીકલનાં પગાર પત્રકો છે, જેમાં મારૂ નામ છે પરંતુ સહી નથી.’’ વિશેષમાં કબુલ રાખેલ

છે કે ''બોરસરામાં હું કામ કરતો હતો ત્યારે તથા શીવ ઈલેકટ્રીકલમાં કામ કરતો હતો ત્યારે મારું પી.એફ.કપાતુ હતું.'' વિશેષમાં કબુલ રાખેલ છે કે તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજની નોટીસ મને મળેલ નથી. મને શીવ ઈલેકટ્રીકલ તરફથી રૂ.૧૫,૧૮૫/- સ્વીકારવા ઓફર થયેલ નથી.'' હોવાની હકીકત કબુલ રાખેલ છે. ***Nar Singh Pal vs Union Of India & Ors. Cited in 2000(3)SCC 588, 2000(95)FLR 495***

.......The Tribunal as also the High Court, both appear to have been moved by the fact that the appellant had encashed the cheque through which retrenchment compensation was paid to him. They intended to say that once retrenchment compensation was accepted by the appellant, the chapter stands closed and it is no longer open to the appellant to challenge his retrenchment. This, we are constrained to observe, was wholly erroneous and was not the correct approach. The appellant was a casual labour who had attained the `temporary' status after having put in ten years' of service. Like any other employee, he had to sustain himself, or, may be, his family members on the wages he got. On the termination of his services, there was no hope left for payment of salary in future. The retrenchment compensation paid to him,

which was only a meagre amount of Rs.6,350/-, was utilised by him to sustain himself. This does not mean that he had surrendered all his constitutional rights in favour of the respondents. Fundamental Rights under the Constitution cannot be bartered away. They cannot be compromised nor can there be any estoppel against the exercise of Fundamental Rights available under the Constitution.....સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે એક વખત છટણી વળતરનો સ્વીકાર થઇ જાય, તે એનો અર્થ એવો થતો નથી કે કામદારે તેઓનાં બંધારણીય હકકો પરત્વે સંસ્થાની શરણાગતિ સ્વીકારેલ છે અને આ સંજોગોમાં તેનાથી કામદારનાં મુળભુત અધિકારનો અમલ કરાવતાં અટકતાં નથી અને આ હકકોનાં અમલી કારણ માટે એસ્ટોપલનો પણ બાધ નડતો નથી. આમ, નામદાર એપેક્ષ કોર્ટે તેમનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ છટણી વળતરનાં નાણાં કામદાર દ્વારા સ્વીકાર કરવામાં આવેલ હોય, તો પણ તેઓનાં હકક અધિકારને અમલ કરતાં અટકાવી શકાશે નહી. જયારે સદર હાલનાં કેસમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા શીવ ઇલેકટ્રીકલ તરફથી રૂ.૧૫,૮૨૫/- સ્વીકારવા ઓફર થયેલ નથી હોવાની હકીકત જણાવેલ છે. વિશેષમાં સદર કામે પ્રથમ પક્ષકાર નં.૨, તરફથી આંક-૧૬/એ, નાં લીસ્ટથી નિ.૧૬/એ/૧ થી નિ.૧૬/એ/૪, નાં દસ્તાવેજો રજૂ કરેલ છે, પરંતુ સદર દસ્તાવેજોનાં સમર્થનમાં પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે કોઇ સોગંદ ઉપર જુબાની આપી સમર્થન કરેલ નથી. હાલનાં કામે બીજા પક્ષકારે આંક-૧૮, ની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજની નોટીસ મને મળેલ નથી. આંક-૧૬/એ વાળા દસ્તાવેજો પૈકી નિ.૧૬/એ/૧, વાળો દસ્તાવેજ જોતાં

ફોર્મ નં.XXIV રૂલ નં.૮૦-બી છે. જે તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ ધી સેક્રેટરી ટુ ધી ગર્વમેન્ટ ઓફ ગુજરાત, લેબર ડિપાર્ટમેન્ટ, ગાંધીનગર, અમદાવાદને મોકલાવેલ છે. પરંતુ નિ.૧૬/એ/૧, વાળા દસ્તાવેજની કોપી તેમાં જણવેલ (૧). ધી કમિશ્નર ઓફ લેબર, ગુજરાત, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ(૨). ધી ડેપ્યુટી લેબર કમિશ્નર, ગુજરાત એ-૩, મલ્ટી સ્ટોરાઇડ બિલ્ડીગ, નાનપુરા, સુરત(૩). ધી આસિસ્ટંટ કમિશ્નર ઓફ લેબર, ગુજરાત, એ-૪, મલ્ટી સ્ટોરાઇડ બિલ્ડીગ, નાનપુરા, સુરત (૪). એમ્પ્લોયમેન્ટ એસચેન્જ ઓફીસ, ગુજરાત, સી-૫, મલ્ટી સ્ટોરાઇડ બિલ્ડીગ, નાનપુરા, સુરત ડિપાર્ટમેન્ટને મોકલાવેલ હોવાનું નિર્દેશ કરેલ છે. પરંતુ તે અંગેનો કોઇ દસ્તાવેજ પ્રથમ પક્ષકાર નં.૨, નાં રજૂ કરેલ નથી. વિશેષમાં બીજા પક્ષકારની છટણી અંગેની નોટીસ ઔદ્યોગિક તકરાર (ગુજરાત) નિયમો ૧૯૬૬, નાં નિયમ ૮૦-બી(૨) મુજબ મજુર કમિશ્નર અમદાવાદને અને નાયબ મજુર કમિશ્નર, અમદાવાદને મોકલાવેલ હોઇ, તેવો દસ્તાવેજી આધાર રજૂ કરેલ નથી અને નિ.૧૬/એ/૧, વાળા સદર દસ્તાવેજની હકીકતોનાં સમર્થનમાં પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે કોઇ સોગંદ ઉપર જુબાની આપી પુરવાર કરેલ નથી કે સમર્થન કરેલ નથી. નિ.૧૬/એ/૨, વાળો દસ્તાવેજ વંચાણે લેતાં પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા તરફથી બીજા પક્ષકારને તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ બીજા પક્ષકારને છૂટા કરવામાં આવે છે અને તે અંગેનાં હિસાબની નોટીસ આપેલ છે અને તેમાં જણાવેલ છે કે અમારી રૂબરું આ નોટીસ ઉપરોકત કામદારને વાંચીને ગુજરાતી/હિન્દી/અંગ્રેજી ભાષામાં સમજાવેલ હોય છતાં આ નોટિસ લેવાની તેમણે ના પાડેલ હોવાની હકીકત જણાવેલ છે વિશેષમાં જણાવેલ છે કે તેથી આ નોટીસની એક નકલ આજરોજ કારખાનાનાં નોટીસ બોર્ડ ઉપર મુકીને આ નોટીસ ઉપરોકત કામદારને આજે રજી.પો.એ.ડી./યુ.પી.સી.થી તેનાં સરનામે મોકલી આપવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ તેની નકલ (૧). લેબર કમિશ્નર શ્રી,

અમદાવાદ (૨). નાયબ શ્રમ આયુકત શ્રી એ-૩, બહુમાળી મકાન , નાનપુરા, સુરત (૩). મદદનીશ શ્રમ આયુકત શ્રી એ-૪, બહુમાળી મકાન , નાનપુરા, સુરત (૪). સરકારી શ્રમ અધિકારી શ્રી એ-૪, બહુમાળી મકાન , નાનપુરા, સુરત (૫). સંયુકત નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય, સી-૭, બહુમાળી મકાન, નાનપુરા, સુરત (૬). કારખાનાનાં મુખ્ય પ્રવેશદ્વારે, નોટીસ બોર્ડ ઉપર લગાવેલ હોવાની હકીકત જણાવેલ છે અને નિ.૨૭/૨, વાળા દસ્તાવેજમાં પ્રથમ પક્ષકાર નં.૨, શીવ ઇલેકટ્રીકલનો સિકકો અને તેનાં પ્રોપરાઇટરની સહી છે. પરંતુ તે અંગેનો કોઇ દસ્તાવેજ પ્રથમ પક્ષકાર નં.૨, નાં રજૂ કરેલ નથી અને નિ.૧૬/એ/૨, વાળા સદર દસ્તાવેજની હકીકતનાં સમર્થનમાં પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ સોગંદ ઉપર જુબાની આપી પુરવાર કરેલ નથી કે સમર્થન કરેલ નથી. આ તબકકે ઔદ્યોગિક તકરાર(ગુજરાત) નિયમો ૧૯૬૬, નાં નિયમ : ૮૦-બી વંચાણે લેવી ન્યાયોચિત જણાય છે.

80-B Notice of retrenchment : (1) The Notice referred to in clause(c) of section 25F shall be given in Form XXIV by an employer and be served either by personal service or by registered post, on the [Secretary to the Government of Gujarat, Education and labour Department, Ahmedabad]:

(i) not less than tweny-one days before the date of retrenchment, if the notice of retrenchment has been given to a workman;

(ii) within seven days of the date of retrenchment, if no such notice has been given but the workman is paid wages in lieu of notice;

(iii) (a) at least on month before the date of termination of service, if such date is specified in an agreement where the retrenchment is carried out under the agreement; and

(b) on the date of such agreement, where the date of termination is not so specified.
["(2) A copy of such notice shall be sent by the employer to the commissioner of labour, Ahmedabad and the Deputy commissioner of Labour, Ahmedabad.

આમ, પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ ઔદ્યોગિક તકરાર(ગુજરાત) નિયમો ૧૯૬૬, નાં નિયમ ૮૦-બી(૨) મુજબ કમિશ્નર ઓફ લેબર, અમદાવાદ અને ડેપ્યુટી કમિશ્નર ઓફ લેબર, અમદાવાદને નોટીસની કોપી મોકલાવેલ હોઇ, તેવો દસ્તાવેજી પુરાવો પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ રજૂ કરેલ નથી. જેથી ઔદ્યોગિક તકરાર(ગુજરાત) નિયમો ૧૯૬૬, નાં નિયમ ૮૦-બી(૨) નો ભંગ કરેલાનું રેકર્ડ ઉપર રજુ પુરાવાથી જણાય આવે છે. નિ.૧૬/એ/૩, થી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ આપેલ હિસાબની વિગત છે, જેમાં એક મહિનાની નોટીસને બદલે ૩૦(ત્રીસ) દિવસનો નોટીસ પગાર રૂ.૩,૦૫૬/- જણાવેલ છે તથા છટણી વળતરની રકમ રૂ.૮,૮૧૫/- જણાવેલ છે, પરંતુ કઇ ગણતરીનાં આધારે પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ રૂ.૮,૮૧૫/- ની રકમ જણાવેલ છે, તેની વિગતવારની ગણતરી જણાવેલ નથી તથા જુલાઇ-૨૦૦૬, માસનો બાકી નીકળતો પગારની રકમ રૂ.૪૦૭/- જણાવેલ છે. પરંતુ તેની ગણતરી બતાવેલ નથી તથા બાકી નીકળતી પગારી હકક રજા વર્ષ-૨૦૦૬ની જણાવેલ નથી તથા બાકી નીકળતાં બોનસની રકમ વર્પ ૨૦૦૫-૨૦૦૬, રૂ.૨,૭૨૦/- તથા વર્ષ ૨૦૦૬-૨૦૦૭, રૂ.૧૮૭/- મળી રૂ.૨,૯૦૭/- જણાવેલ છે અને કુલ રકમ રૂ.૧૫,૧૮૫/- જણાવેલ છે, જેમાં પ્રથમ પક્ષકાર નં.૨, શીવ ઇલેકટ્રીકલનો સિકકો અને તેનાં પ્રોપરાઇટરની સહી છે. આમ, જે ગણતરી બતાવેલ છે, તે કયાં આધારે ગણતરી કરેલ છે, તે અસ્પષ્ટ છે અને ગણતરી મોઘમ છે. જે નિ.૧૬/એ/૩, વાળા હિસાબની રકમનાં દસ્તાવેજની હકીકતનાં સમર્થનમાં પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ સોગંદ ઉપર જુબાની આપી પુરવાર કરેલ નથી કે સમર્થન

કરેલ નથી તથા નિ.૧૬/એ/૪, થી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.ર, નાં એ મોકલેલ સીનીયોરીટીનું લીસ્ટની નકલ રજૂ કરેલ છે. પરંતુ દસ્તાવેજની હકીકતનાં સમર્થનમાં પ્રથમ પક્ષકાર નં.ર, નાં એ સોગંદ ઉપર જુબાની આપી પુરવાર કરેલ નથી કે સમર્થન કરેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર તર્ફે કોઇ ખંડનાત્મક પુરાવો રજૂ કરેલ નથી. હાલનાં કામે પ્રથમ પક્ષકાર નં.ર, નાં એ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતાં અગાઉ કાયદેસરની કાર્યવાહી કરી હોય તેવું ઉપરોકત કરેલ ચર્ચા આધારે જણાય આવતું નથી અને પ્રથમ પક્ષકાર નં.ર, નાં એ નિ.૧૬/એ/૧ થી નિ.૧૬/એ/૪, વાળા દસ્તાવેજોનાં સમર્થનમાં પ્રથમ પક્ષકાર નં.ર, તર્ફે કોઇ સોગંદ ઉપર જુબાની આપી પુરવાર કરેલ નથી કે સમર્થન કરેલ નથી તથા પ્રથમ પક્ષકાર નં.ર, દ્વારા આર્થિક રીતે સંસ્થા ચાલુ રાખવી પોષાય તેમ ન હોઇ, જેથી કામદારોની છટણી કરેલ છે, તે કારણ પ્રથમ પક્ષકાર નં.ર, સંસ્થાનું અત્રેની અદાલતે માનેલ નથી. જેથી પ્રથમ પક્ષકાર નં.ર, સંસ્થા દ્વારા બીજા પક્ષકારની કરેલ છટણી પ્રથમથી જ ગેરકાયદેસર હોવાનું અત્રેની અદાલત માનેલ છે. વિશેષમાં પ્રથમ પક્ષકાર નં.ર, સંસ્થા તરફથી બીજા પક્ષકારને નોટીસ પગાર, છટણી વળતર તથા મળવાપાત્ર હકકનાં લાભો આપ્યા વગર તથા કાયદા દ્વારા કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન કર્યા વગર બીજા પક્ષકારને છુટા કરવાનું સંસ્થાનું કૃત્ય પ્રથમથી જ ગેરકાયદેસર છે. આમ, બીજા પક્ષકારને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થા નં.ર, નું કૃત્ય ગેરકાયદેસર હોવાનું અને બીજા પક્ષકારને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇનું પાલન કરેલ ન હોવાની હકીકત બીજા પક્ષકાર સાબિત કરી શકેલ હોઇ, મુદ્દા **નં.૪,** નો જવાબ **"હકાર"** માં આપવામાં આવે છે.

૧૬.. <u>મુદ્દા નંબર</u> ૫ :–

૦૫. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, બીજા પક્ષકાર તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર છે?

બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા વચ્ચે માલિક-કામદારનો સબંધ હોવાની હકીકત તથા પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨(જે) ની વ્યાખ્યા મુજબ 'ઉદ્યોગ' માં સમાવેશ થતો હોવાની હકીકત તથા બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષથી ઓછી નહી તેટલા સમયગાળા માટે સળંગ નોકરી કરેલ હોવાની હકીકત પુરવાર થતી હોઇ તથા બીજા પક્ષકારને છુટા કરવાનું પ્રથમ પક્ષકાર સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર પુરવાર થયેલ હોઇ અને તેમને છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇનું પાલન કરેલ ન હોવાનું ઉપરોકત મુદ્દા નં.૧ થી ૪, માં કરેલ ચર્ચાને આધારે પુરવાર થાય છે. પરંતુ પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા તરફથી આંક-૨૨, નાં લીસ્ટથી નિ.૨૨/૧ થી નિ.૨૨/૫, થી પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા બંધ થઇ ગયેલ હોવાં અંગેનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જેમાં પ્રથમ પક્ષકારે નિ.૨૨/૧, થી કાયમી ધોરણે સંસ્થા બંધ કરવા અંગે ફેકટરી ઇન્સપેકટરની કચેરીને જાણ કરેલ તેની એટેસ્ટેડ કોપી તથા નિ.૨૨/૨, થી પ્રથમ પક્ષકાર સંસ્થાનું ફેકટરી એકટ હેઠળ લાયસન્સની એટેસ્ટેડ કોપી તથા નિ.૨૨/૩, થી પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થાએ ફેકટરી એકટ હેઠળ ભરેલ ફોર્મ નં.૧૧૩, ની એટેસ્ટેડ કોપી તથા નિ.૨૨/૪, થી પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા કાયમી ધોરણે બંધ કર્યા અંગેનો ડેપ્યુટી લેબર કમિશ્નરને લખેલ પત્રની એટેસ્ટેડ કોપી તથા નિ.૨૨/૫, થી પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા કાયમી ધોરણે બંધ કર્યા અંગેનો રીજીઓનલ પ્રોવિડેન્ટ ફંડ કમિશ્નરને લખેલ પત્રની એટેસ્ટેડ કોપી રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા તા.૦૧-૦૪-૨૦૧૫, નાં રોજ પ્રોડકશન બંધ કરેલ છે અને તા.૦૧-૦૭-૨૦૧૮, થી ફેકટરી કાયમી ધોરણે બંધ કરી દીધેલ હોવાનું જણાય

આવે છે. તે જ રીતે પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા દ્વારા આંક-૨૪, નાં લીસ્ટથી નિ.૨૪/૧ થી નિ.૨૪/૪, થી પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા બંધ થઇ ગયેલ હોવાં અંગેનાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જેમાં પ્રથમ પક્ષકારે નિ.૨૪/૧, થી પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨, કાયમી ધોરણે સંસ્થા બંધ કરવા અંગે ફેકટરી ઇન્સપેકટરની કચેરીને જાણ કરેલ તેની એટેસ્ટેડ કોપી તથા નિ.૨૪/૨, થી પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થાએ ફેકટરી એકટ હેઠળ ભરેલ ફોર્મ નં.૧૧૩, ની એટેસ્ટેડ કોપી તથા નિ.૨૪/૩, થી પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા કાયમી ધોરણે બંધ કર્યા અંગેનો રીજીઓનલ પ્રોવિડેન્ટ ફંડ કમિશ્નરને લખેલ પત્રની એટેસ્ટેડ કોપી તથા નિ.૨૪/૪, થી ફેકટરી ઇન્સપેકટર શ્રી એ અનુક્રમ નં.૧ થી ૩, માટે સંસ્થાને મોકલેલ પત્રની ઝેરોક્ષ કોપી રજૂ કરેલ છે. જે વંચાણે લેતાં પ્રથમ પક્ષકાર નં.૧, સંસ્થા તા.૧૩-૦૩-૨૦૦૯, કાયમી ધોરણે બંધ કરી દીધેલ હોવાનું જણાય આવે છે. તેમજ મુદ્દા નં.૧, માં ચર્ચા કર્યા મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨, નાં કામદાર છે. પરંતુ સદર કામે પ્રથમ પક્ષકાર નં.૨, તર્ફે રજુ આંક-૨૪, વાળા દસ્તાવેજો વંચાણે લેતાં પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા તા.૧૩-૦૩-૨૦૦૯, કાયમી ધોરણે બંધ થઇ ગયેલ છે. જેથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થામાં પુનઃસ્થાપિત કરી શકાય નહી. પરંતુ ઉચ્ચક વળતર અપાવવું ન્યાયોચિત જણાય છે.

બીજા પક્ષકાર કામદારે આંક-૧૮, ની સોગંદ ઉપરની જુબાનીમાં બીજા પક્ષકારે નોકરીમાંથી છુટા કર્યા બાદ નોકરી મેળવવા બીજી ઘણી જગ્યાએ પ્રયત્ન કરવાં છતાં, નોકરી મળેલ નથી અને બેકાર રહેલ છે. જો પ્રથમ પક્ષકાર સંસ્થાઓ બીજા પક્ષકારને કામે રાખે તો, બીજા પક્ષકાર તકરારો ઉભી રાખી કામ ઉપર હાજર થવાં તૈયાર હોવાની હકીકત જણાવેલ છે. આ સબંધે બીજા પક્ષકાર તર્ફે કોઇ પુરાવો રજૂ કરેલ નથી. જેથી આટલી કારમી મોંઘવારીમાં કોઇપણ વ્યકિત સદંતર બેકાર બેસી રહે તે હકીકત માની શકાય તેમ નથી. પરંતુ બીજા પક્ષકાર કામદાર બેકારીનાં સમયગાળામાં કોઇ

લાભકારક કમાણી કરતાં ન હતાં, તેવું સાબિત કરવાનો ભાર શ્રમયોગી બીજા પક્ષકાર ઉપર નાંખવો તે પણ અન્યાયી ગણાય. આમ, બીજા પક્ષકાર કામદાર ગેઇનફુલ એમ્પ્લોઇમેન્ટમાં હતાં તેવું પ્રથમ પક્ષકારે સાબિત કરવાનું રહે છે. પરંતુ પ્રથમ પક્ષકાર સદર હકીકત પુરવાર કરી શકેલ નથી. સાથેસાથે પ્રથમ પક્ષકાર પાસેથી બીજા પક્ષકાર બેકાર બન્યા બાદ અન્ય કોઇ જગ્યાએ કામગીરી મળેલ ન હોઇ, તે પણ માની શકાય તેમ નથી એટલે કે બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં જે પ્રકારની કામગીરી કરી રહ્યાં હતાં, તેવી કામગીરી આ ગાળામાં અન્ય કોઇ જગ્યાએ નહી મળેલ હોય, તેવું માની શકાય નહી.

માલિક સંસ્થાએ કામદારને નોકરીમાંથી કાઢી મુકેલ હોય અને ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ-૨૫(એફ)નો ભંગ થયેલ હોય, તો તેવા દરેક કિસ્સામાં કામદારને પુનઃસ્થાપિત કરવા જોઇએ તેવું જરૂરી નથી. પરંતુ આ નિર્ણય કરતાં સમયે કોર્ટે સંસ્થા કે તેનું ઉત્પાદનનું કામકાજ ચાલુ છે કે કેમ?, કામદારની હોદ્દો, નોકરીનો પ્રકાર, પગાર, નોકરીનો સમયગાળો, છુટા કરતાં સમયે કામદારની ઉંમર, આવુ કામ મળવાની શકયતા કામદારે પડેલ રોજ દરમિયાન નોકરી મેળવવા કરેલ પ્રયત્ન તથા પડેલ રોજ દરમિયાન કરેલ કમાણી ધ્યાને લેવાની રહે છે. પરંતુ જયારે કામદારને પુનઃસ્થાપિત કરી શકાય તેમ ન હોઇ, તો યોગ્ય રકમનું વળતર ચુકવવાનો પણ હૂકમ કરી શકાય છે. સદર કામે પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થા તા.૧૩-૦૩-૨૦૦૯, કાયમી ધોરણે બંધ થઇ ગયેલ છે. જેથી બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૨, સંસ્થામાં પુનઃસ્થાપિત કરી શકાય નહી. પરંતુ ઉચ્ચક વળતર અપાવવું ન્યાયોચિત જણાય છે. જેથી બીજા પક્ષકારને ઉચ્ચક વળતર નકકી કરતાં સમયે બીજા પક્ષકારનો હોદ્દો, નોકરીનો પ્રકાર, પગાર, નોકરીનો સમયગાળો, છુટા કરતાં સમયે કામદારની ઉંમર, આવુ કામ મળવાની શકયતા કામદારે પડેલ રોજ દરમિયાન

નોકરી મેળવવા કરેલ પ્રયત્ન તથા પડેલ રોજ દરમિયાન કરેલ કમાણી ધ્યાને લેવાની રહે છે. જે મુજબ બીજા પક્ષકારે પોતાની આંક-૧૮, ની સોગંદ ઉપરની સરતપાસ ધ્યાને લેતાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં ૧૧ વર્ષથી કલાર્ક તરીકે માસિક રૂ.૩,૦૦૦/- નાં પગારથી ફરજ બજાવતાં હતાં તથા છુટા કરતી વખતે પુખ્ત વયની ઉંમર ધ્યાને લેતાં તથા વિશેષમાં પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર તેમની બેકારીનાં સમયમાં તેમને પહેલા મળતી હતી એટલી જ આવક મેળવતાં હતાં તેવું સાબિત કરી શકેલ ન હોઇ, તેમજ પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ નિ.૧૬/એ/૩, વાળા દસ્તાવેજમાં એક મહિનાની નોટીશને બદલે ૩૦ દિવસનો નોટીશ પગાર રૂ.૩,૦૫૬/- હોવાનું જણાવેલ છે. જે ઉપરોકત હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં બીજા પક્ષકારને ઉચ્ચક વળતર પેટે રૂ.૧,૧૦,૦૦૦/-(શબ્દોમાં રૂપિયા એક લાખ દસ હજાર પુરાં) પ્રથમ પક્ષકાર નં.૨, પાસેથી અપાવવું ન્યાયેચિત જણાતું હોઇ, જેથી બીજા પક્ષકારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવાને બદલે પ્રથમ પક્ષકાર નં.૨, પાસેથી ઉચ્ચક વળતર પેટે રૂ.૧,૧૦,૦૦૦/- (શબ્દોમાં રૂપિયા એક લાખ દસ હજાર પુરાં) અપાવવાથી ન્યાયનું હિત જળવાશે, વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે ***Asst.Engineer, Rajasthan Dev.Corp & Ors. Vs.Gitam Singh Cited in JT 2013(2)SC 231*** નાં કેસમાં કામદારને પુનઃસ્થાપિત કરવાના બદલે રૂ.૫૦,૦૦૦/- વળતર પેટે ચુકવવાનો હૂકમ કરવામાં આવેલો. વધુમાં આ રકમ હુકમ થયાનાં છ અઠવાડીયામાં અરજદારને ચુકવી આપવાનો પણ હુકમ કરવામાં આવેલ અને જો તે સમયગાળામાં આ વળતરની રકમ ચુકવી આપવામાં ન આવે તો સામાવાળાને તેના ઉપર રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૯% લેખે વ્યાજની રકમ ચુકવવાનો પણ હુકમ કરવામાં આવેલ. ત્યારે હાલનાં કેસમાં પણ આ રીતે વ્યાજનો હુકમ કરવાથી સમગ્ર ન્યાયનું હિત જળવાઇ તેમ છે જેથી **મુદ્દા નં.૫,**

નો જવાબ **અંશતઃ હકારમાં** ઠરાવી મુદ્દા નં.૬, અંગે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હૂકમ કરવામાં આવે છે.

—:: આખરી હૂકમ ::—

(૧). બીજા પક્ષકારનો હાલનો હાલનો રેફરન્સ **''અંશતઃમંજુર"** કરવામાં આવે છે.

(૨). બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨, નાં કામદાર હોવાનું અને પ્રથમ પક્ષકાર નં.૨, નું બીજા પક્ષકારને તા.૨૬-૦૭-૨૦૦૬, નાં રોજ મૌખિક હૂકમથી છૂટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે.

(૩). બીજા પક્ષકારને પુનઃસ્થાપિત કરવાને બદલે ઉચ્ચક વળતરની રકમ રૂ.૧,૧૦,૦૦૦/-(શબ્દોમાં રૂપિયા એક લાખ દસ હજાર પુરાં) વળતર પેટે પ્રથમ પક્ષકાર નં.૨, નાં એ બીજા પક્ષકારને ચુકવવાની રકમની કાર્યવાહી આ હુકમ પ્રસિધ્ધ થયેથી દિન-૬૦, માં પૂર્ણ કરવી અન્યથા ત્યારબાદ એટલે કે હૂકમ પ્રસિધ્ધ થયાનાં દિન-૬૦, બાદ બીજા પક્ષકાર ઉચ્ચક વળતરની રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૯% સાદા વ્યાજની રકમ પણ વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪). ખર્ચ અંગે કોઇ હૂકમ કરવામાં આવતો નથી.

સ્થળ :- સુરત

તારીખ :- ૨૩-૧૨-૨૦૨૧ **(અંકિત વિષ્ણુપ્રસાદ પટેલ)**

Code No.GJ01181
ન્યાયાધીશ
મજૂર અદાલત કોર્ટ નં.૪, સુરત